*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૫

णमो अरिहंताणं।
णमो सिद्धाणं।
णमो आइरियाणं।
णमो उवज्झायाणं।
णमो लोए सव्वसाहूणं।

અહો, જગતમાં સર્વોત્કૃષ્ટ મંગલરૂપ પંચપરમેષ્ઠી ભગવંતો! આપની ઉત્પત્તિ આત્મામાંથી જ થઈ છે, તેથી આપ સ્વયંભૂ છો. આપના સ્વરૂપનું ચિંતન કરતાં મારું આત્મરૂપ દેખાય છે, ને મારા આત્મામાં જ પંચપરમેષ્ઠીનો વાસ છે–એમ સ્વસન્મુખવૃત્તિ વળે છે. આ રીતે સ્વસન્મુખવૃત્તિના હેતુભૂત એવા હે ભગવંતો! આપના ધ્યાનવડે મારું આજનું પ્રભાત હું મંગલરૂપ બનાવું છું....ને આપને ઓળખાવનારા સંતોને નમસ્કાર કરું છું.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૭, કારતક (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૮ : અંક ૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## ઉપકાર શ્રીગુરુ આપનો



જેમના પ્રતાપે આપણું આ ‘આત્મધર્મ’ હજારો મુમુક્ષુઓનો પ્રેમ ઝીલતું આજે ૨૭ વર્ષ પૂરા કરીને ૨૮ મા વર્ષમાં આગેકદમ કરી રહ્યું તે પૂજ્ય શ્રી કહાનગુરુનો પરમ ઉપકાર છે.

હે ગુરુદેવ ! આત્માનું સત્ય સ્વરૂપ શું છે, તેની મુક્તિનો માર્ગ કેવો છે, અને એ વીતરાગમાર્ગમાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર કેવાં છે ? તે બધુંય આપે જ અમને સમજાવ્યું છે. આપના જ પ્રતાપે અમને જિનમાર્ગની પ્રાપ્તિ થઈ છે. આપના જ પ્રતાપે હજારો મુમુક્ષુજીવો જાગ્યા છે ને પોતાનું આત્મહિત સાધવા ઉદ્યમી બની રહ્યા છે. અમારા સૌના હૃદયમાં આપના પવિત્ર ઉપકારનું ઝરણું વહી રહ્યું છે–આ ભવના અંત સુધી જ નહીં પણ આવતા ભવમાંય અમારા આત્મપ્રદેશોની વીણા આપના ઉપકારના રણકાર વડે ઝણઝણ્યા કરશે.

ગુરુદેવ ! અમે માત્ર આપનો ઉપકાર જ માનીને નહીં અટકીએ, આત્માનો જે માર્ગ બતાવીને આપે ઉપકાર કર્યો છે તે માર્ગને અનુસરીને આપની જ સાથે આનંદનગરીમાં આવીશું.

અહા, આ બાળકના જીવનમાં ૨૮ વર્ષથી આપ આત્મહિતની જે પ્રેરણા ને ઉત્સાહ આપી રહ્યા છો, મંગલ આશીષપૂર્વક આત્મસાધનાના માર્ગમાં જોડી રહ્યા છો તે સંબંધી આપના પ્રત્યેની ભક્તિ કઈ રીતે વ્યક્ત કરું ? આ આત્માના પ્રદેશોમાં કોતરાયેલો આપનો અને સર્વે સંતોનો પવિત્ર ઉપકાર મને રત્નત્રયરૂપ બનાવો એ જ એક બેસતા વર્ષની બોણીરૂપે મંગલ પ્રાર્થના છે.

–આપનો બાળક : હરિ.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
કારતક
1970 NOV.

* વર્ષ ૨૮ : અંક ૧ *

# * મંગલ દીવાળી... ને અપૂર્વ બેસતું વર્ષ *

હે મોક્ષપુરીના પથિક! અપૂર્વ આત્મસ્વભાવ સાંભળીને હવે તો તું તેની ભાવના વડે સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર......જેથી તારા આત્મામાં મંગલ દીવાળી પ્રગટે, અને અપૂર્વ આનંદરૂપ નવું વર્ષ બેસે.

શિવપુરીના પંથમાં સમ્યક્ત્વાદિ ભાવની પ્રધાનતા છે; એવા શિવપુરીના માર્ગને જાણીને, હે મોક્ષના પથિક! તું જિનભાવના વડે સમ્યક્ત્વાદિ શુદ્ધભાવને પ્રગટ કર, એમ ઉપદેશ કરે છે–

जाणहि भावं पढमं किं ते लिंगेण भावरहिएण।
पंथिय सिवपुरीपंथं जिणउवइट्ठं पयत्तेण।।६।।

‘ભાવ’ મુખ્ય છે માર્ગમાં, વણભાવ લિંગથી સાધ્ય ના;
જિનકથિત શિવપુરી પંથ આ, હે પથિક! યત્નથી જાણ તું. (૬)

આચાર્યદેવ કહે છે કે હે મોક્ષમાર્ગના પથિક! હે સાધક! મોક્ષના માર્ગમાં તું ભાવની મુખ્યતા જાણ; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે ભાવ તેના વડે જ મોક્ષમાર્ગ સધાય છે, માટે તેને તું પ્રથમ જાણ. આવા ભાવ વગરના લિંગથી તને શું સાધ્ય છે? સમ્યગ્દર્શનાદિ ભાવશુદ્ધિ વગર દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા ને પંચમહાવ્રતાદિ પાળ્યા પણ તારા હાથમાં મોક્ષમાર્ગ ન આવ્યો. માટે હે ભવ્ય! જિનવરભગવાને કહેલા મોક્ષના માર્ગને તું પ્રયત્ન વડે જાણ. ભગવાને કહેલો શિવપુરીનો પંથ સમ્યગ્દર્શનાદિ ભાવ વડે જ સધાય છે, ભાવ વગરના દ્રવ્યલિંગથી તે સધાતો નથી. માટે હે પથિક! જો તું શિવપુરીના પંથને ચાહતો હો તો પ્રયત્ન

વડે સમ્યગ્દર્શનાદિ ભાવોને પ્રગટ કર. સમ્યગ્દર્શન વગરના નિર્ગ્રંથરૂપને તેં અનંતવાર ગ્રહ્યાં ને છોડયા પણ તારા સંસારનો અંત ન આવ્યો; – ક્ષણે ક્ષણે તું ભાવમરણે દુઃખી છે; માટે હવે તો તે ભાવમરણથી બચવા તું જિનભાવના ભાવ; જિનભાવના વડે સમ્યક્ત્વાદિ પ્રગટ કર. 'જિનભાવના' કહેતાં પોતાના શુદ્ધ આત્માની સન્મુખ થઈને તેમાં એકાગ્રતા; તેના વડે શિવપુરીનો પંથ સધાય છે.

મોક્ષને માટે જિનભાવનાનો ઉપદેશ આપતાં આચાર્યદેવ કહે છે કે–અરે જીવ! તારા આનંદધામને જોયા વગર, એટલે કે જિનભાવના ભાવ્યા વગર સંસારમાં તેં ઘણાં તીવ્ર દુઃખો ભોગવ્યાં. તેમાં પણ સાત નરકમાં દારુણ–ભીષણ ને અસહ્ય દુઃખો ઘણા લાંબાકાળ સુધી તેં ભોગવ્યા. ભાઈ! હવે વિચાર તો કર કે આવા દુઃખોથી આત્માનો છૂટકારો કેમ થાય? 'ભાવ' એટલે સમ્યગ્દર્શનાદિ, તેના વગર આવા દુઃખો જીવ પામે છે; માટે હે જીવ! હવે તું જિનભાવના વડે સમ્યગ્દર્શનાદિ ભાવને પ્રગટ કર.

જેણે આત્માનું જ્ઞાન કર્યું નથી, તેની ભાવના ભાવી નથી ને બેદરકારપણે પાપમાં જ જીવન ગાળ્યું છે તે નરકમાં જાય છે. નરકમાં ઓછામાં ઓછા દશ હજાર વર્ષથી માંડીને તેત્રીસ સાગરોપમ જેટલા અસંખ્યાત વર્ષો સુધી જીવ તીવ્ર દુઃખ પામે છે. આનંદધામ તો પોતામાં છે–પણ એની સામે પોતે જોતો નથી. આત્માને ભૂલીને અનંતકાળ કેવા દુઃખમાં ગુમાવ્યો, ને હવે તેનાથી છુટવા શું કરવું તેનો આ ઈતિહાસ છે. જિનભાવના વગર દુઃખ પામ્યો, માટે હવે અત્યંત ઉદ્યમ વડે જિનવર જેવો પોતાનો શુદ્ધ આત્મા ઓળખીને તેની ભાવના કર. આવી જિનભાવના વડે તું જિનપદને પામીશ.

'હે ચેતન! તું જિનપ્રતિમા થા.......જિનપ્રતિમા થા' –એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેમાં આ રહસ્ય છે. અહો, જિનભાવના એટલે વીતરાગ સ્વભાવની ભાવના જીવે પૂર્વે એકક્ષણ પણ નથી ભાવી; મિથ્યાત્વાદિ ભાવોને જ ભાવ્યા છે, સમ્યક્ત્વાદિરૂપ પરિણતિ કરીને તે ભાવને કદી ભાવ્યા નથી. માટે હે જીવ! હે મોક્ષનગરના પથિક! હવે તો તું આવો અપૂર્વ આત્મસ્વભાવ સાંભળીને તેની ભાવના કર; ભાવના એટલે તેમાં એકાગ્રતારૂપ ભાવ પ્રગટ કર જેથી તારા આત્મામાં અપૂર્વ આનંદરૂપ નવું વર્ષ બેસે, ને અનંતકાળમાં નહિ પ્રગટેલું પરમ સુખ તને પ્રાપ્ત થાય. આનું નામ મંગલ દીવાળી ને આ અપૂર્વ બેસતું વર્ષ.

# આત્માનું જ્ઞાન તે વીતરાગ-વિજ્ઞાન
# વીતરાગ-વિજ્ઞાન છે સુખની ખાણ

દેહથી ભિન્ન આત્મા આનંદનું ધામ છે. આવા આત્માનું જ્ઞાન કરવું તે વીતરાગ વિજ્ઞાન છે, અને જે વીતરાગવિજ્ઞાન છે તે સુખની ખાણ છે.

શરીર સુંદર–રૂપાળું હોય કે કદરૂપું હોય, તે બંનેથી આત્મા જુદો છે. ખરેખર તો આત્માનું ચેતન–રૂપ છે તે જ સુંદર છે; પણ પોતાના સુંદર નિજરૂપને ન દેખતાં અજ્ઞાની શરીરની સુંદરતા વડે પોતાની શોભા માને છે, અને શરીર કદરૂપ હોય ત્યાં પોતાને હલકો માને છે. પણ ભાઈ, કદરૂપું શરીર કાંઈ કેવળજ્ઞાન લેવામાં વિઘ્ન નથી કરતું, અને સુંદર રૂપાળું શરીર કાંઈ કેવળજ્ઞાન લેવામાં મદદ નથી કરતું. અનેક જીવો સુંદર રૂપવાળા હોવા છતાં પણ પાપ કરીને નરકે ગયા છે, અને કુરૂપ શરીરવાળા પણ અનેક જીવો આત્મજ્ઞાન કરીને મોક્ષ પામ્યા છે. જોકે તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોને તો દેહ પણ લોકોત્તર હોય છે, પરંતુ તે પણ આત્માથી તો જુદો જ છે. દેહ કાંઈ આત્માની વસ્તુ નથી. દેહથી ભિન્ન આત્માને જે ઓળખે તેણે જ ભગવાનના સાચારૂપને ઓળખ્યું છે. દેહ છે તે કાંઈ ભગવાન નથી; ભગવાન તો અંદરમાં જે ચૈતન્યમૂર્તિ કેવળજ્ઞાનાદિ ગુણસહિત બિરાજમાન છે–તે જ છે. દરેક આત્મા આવો ચેતનરૂપ છે; શરીર સુરૂપ હો કે કુરૂપ, –તે તો જડનું રૂપ છે, આત્મા તે જડ રૂપપણે કદી થયો નથી. જડ ત્રણેકાળ જડ રહે છે, ને ચેતન ત્રણેકાળ ચેતન રહે છે; જડ અને ચેતન કદીપણ એક થતા નથી; શરીર અને જીવ સદાય જુદા જ છે. આવા આત્માને અનુભવમાં લેતાં સમ્યક્દર્શન અને અપૂર્વ શાંતિ થાય છે. આવા આત્માની ધર્મદ્રષ્ટિ વગર કદી દુઃખ મટે નહીં ને શાંતિ થાય નહીં.

હે જીવ! શરીરના શણગાર વડે તારી શોભા નથી, તારી શોભા તો તારા નિજગુણ વડે છે. સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોવડે જ આત્માની શોભા છે. શરીર તો ચેતના વગરનું મૃતકકલેવર છે, –શું તેની સજાવટથી આત્મા શોભે છે? ના; ચેતનભગવાનની શોભા જડ શરીર વડે હોય નહીં. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય વડે જ આત્મા શોભે છે. માટે દેહદ્રષ્ટિ છોડીને આત્માને ઓળખો. આત્માની આવી ઓળખાણ તે વીતરાગવિજ્ઞાન છે, અને વીતરાગવિજ્ઞાન તે જ સુખની ખાણ છે.

# મોક્ષને સાધવાની રીત

## મારા સમ્યક્ત્વાદિ ભાવનું કારણ મારો આત્મા જ છે

**પોતાના મોક્ષને સાધવાની રીત જાણીને મુમુક્ષુ મહા આનંદિત થાય છે. અહા, મહાવીર ભગવાને જે માર્ગથી મોક્ષને સાધ્યો તે જ માર્ગ ‘આજે’ મને પ્રાપ્ત થયો...... મારા મોક્ષનું કારણ મારામાં જ છે-એમ અંતર્મુખ અવલોકનવડે ધર્મી જીવ આનંદથી મોક્ષ સાધે છે, તેનું આ વર્ણન છે.**

(આસો વદ ચોથના પ્રવચનમાંથી : ભાવપ્રાભૃત ગાથા ૫૬ થી ૬૦)

*****

આત્માના શુદ્ધભાવરૂપ જે ભાવલિંગ તે મોક્ષનું કારણ છે; તે ભાવલિંગના ધારક સાધુ કેવા હોય? તેમને આત્માનો અનુભવ કેવો હોય? તેની આ વાત છે. પ્રથમ તો દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને જેમણે દેહનું મમત્વ છોડી દીધું છે, અને અંતરમાં ક્રોધ–માનાદિ કષાયો છોડીને આત્માના સ્વરૂપમાં જે એકાગ્ર છે તે ભાવલિંગી સાધુ છે. આ રીતે મોહાદિ રહિત આત્માના શુદ્ધપરિણામ, સ્વાભાવિક જ્ઞાનચેતનારૂપ ભાવ, તે મોક્ષનું સાધન છે.

સર્વત્ર મમત્વને છોડીને નિર્મોહ થઈને ધર્મીજીવ પોતાના આત્માનું જ અવલંબન લ્યે છે.–

**પરિવર્જું છું હું મમત્વને, નિર્મમપણે સ્થિત હું રહું,**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વે પરિહરું.**
**(ભાવપાહુડ ગાથા ૫૭; નિયમસાર ગાથા ૯૯)**

આ રીતે પોતાના આત્માના જ અવલંબને જે નિર્મોહરૂપ સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ પ્રગટે તે મુનિનું ભાવલિંગ છે. આવા શુદ્ધસ્વભાવ વગર સાધુપણું હોતું નથી. શુદ્ધભાવમાં પોતાના આત્મા સિવાય કોઈ બીજાનું અવલંબન નથી.

આત્માના અવલંબને પ્રગટેલા જે જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે શુદ્ધભાવ, તેમાં આત્મા જ છે; એટલે તે શુદ્ધભાવથી અભેદપણે પોતાને ધર્મીજીવ અનુભવે છે.–

आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्तेय।
आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।५८।।

( આવી જ ગાથા નિયમસારમાં ૧૦૦ મી, તથા સમયસારમાં ૨૭૭ મી છે. )

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા.**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો, કે પ્રત્યાખ્યાન–સંવર વગેરે શુદ્ધભાવનો આશ્રય મારો આત્મા જ છે; તેમાં આત્મા સિવાય બીજું કોઈ કારણ નથી; દેહના આધારે કે શાસ્ત્રની વાણીના આધારે, કે વિકલ્પોના આધારે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવો થતા નથી. ચેતનામય જે શુદ્ધ સહજ ભાવો છે તેનો હેતુ પોતાનો આત્મા જ છે. અને તે નિર્મળ ભાવોમાં ચેતનમય આત્મા જ પ્રસરેલો છે, તેમાં રાગ નથી, તેમાં પરચીજ નથી, એટલે બીજું કોઈ તેનું કારણ નથી.

–આવા આત્માનો અનુભવ જેને હોય તેને જ ભાવલિંગ પ્રગટે ને તેને જ સાધુપણું હોય. સમ્યક્ત્વાદિ જે શુદ્ધભાવો છે તે બધાય અભેદપણે આત્મા જ છે; આત્મા સિવાય બીજા કોઈ રાગાદિ ભાવો સાથે તેને એકતા નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં રાગ નથી, રાગ તો તેનાથી દૂર છે, ને આત્મા તેમાં નજીક છે; આત્મા નજીક છે એટલે આત્મામાં એકાગ્રતાથી તે ભાવો પ્રગટયા છે, ને આ જ મોક્ષનું કારણ છે.

મોક્ષનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે; ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું કારણ પોતાનો શુદ્ધ આત્મા જ છે; શુદ્ધઆત્માના જ અવલંબને શુદ્ધભાવરૂપ પરિણમન થાય છે. આ રીતે પોતાની નિર્મળપર્યાયનું કારણ અભેદપણે પોતાનું દ્રવ્ય જ છે. બીજા સાથે તેને જરાય સંબંધ નથી. માટે ધર્મી કહે છે કે પરનું અવલંબન તો હું સર્વથા છોડું છું ને મારા આત્માનું અવલંબન કરું છું.

પરદ્રવ્યના અવલંબને તો રાગાદિભાવ જ થાય છે. પોતાના આત્મા સિવાયનું જે કોઈ પરદ્રવ્ય હોય તેના અવલંબને રાગાદિ અશુદ્ધભાવ જ થાય છે, તેથી તે શુદ્ધતાનું કારણ નથી. પરદ્રવ્યના આશ્રયે તો સંસાર છે, ને સ્વદ્રવ્યના જ આશ્રયે મુક્તિ છે.

અરે જીવ! પહેલાં આવા આત્માને ઓળખ તો ખરો, આવા માર્ગને ઓળખ તો ખરો. પોતાનું કલ્યાણ કયા પ્રકારે થાય છે? પોતાના કલ્યાણનું કારણ કોણ છે? તેને ઓળખ્યા વગર જીવ પોતાનું કલ્યાણ કઈ રીતે સાધશે? આત્માના જ્ઞાન–આનંદમય નિર્મળ ભાવ આત્માના જ આશ્રયે થાય છે, તે કાંઈ આત્માથી જુદાં નથી, કે કોઈ જુદા પદાર્થના આધારે તે થતા નથી. પર્યાયને અંતર્મુખ કરીને અનુભવ કર્યો તે અભેદ અનુભવમાં 'આ દ્રવ્યને આ પર્યાય' એવો ભેદ નથી, વિકલ્પ નથી. જ્ઞાન–આનંદ વગેરેનો અભેદ અનુભવ છે; આવા અનુભવમાં શાસ્ત્રના ભણતરનુંય આલંબન નથી. અનુભવમાં એક પરમભાવરૂપ આત્મા જ પ્રકાશે છે; અને આવા અનુભવથી જ સિદ્ધિ છે. –આવો અનુભવ થતાં ભાવલિંગ પ્રગટે છે ને તેને જ મુનિદશા થાય છે. આવી ભાવશુદ્ધિ વગર મુનિદશા કે મુક્તિ નથી. વિકલ્પ વગરનો જે નિર્વિકલ્પ અભેદ અનુભવ તેના વડે સમ્યગ્દર્શનની, જ્ઞાનની, ચારિત્રની સિદ્ધિ થાય છે–આમ જાણવું.

વળી એ જ વાત વધુ દૃઢ કરે છે–

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।५९।।

નિયમસારમાં પણ આ ગાથા (૧૦૨મી) છે–

**મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.**

આવા આત્મારૂપે ધર્મી પોતાને અનુભવે છે. જ્ઞાનદર્શનલક્ષણ સિવાય બીજા જે કોઈ સંયોગાશ્રિત રાગાદિભાવો છે તે મારાથી બહાર છે, મારામાં તે નથી, ને તેનામાં હું નથી; હું તો તેનાથી જુદો જ્ઞાનદર્શનમય છું; મારું જ્ઞાનદર્શનલક્ષણ શાશ્વત છે; ને રાગ–દ્વેષાદિ તો ક્ષણિકભાવો છે, તે કાંઈ મારા શાશ્વત આત્મામાંથી ઉત્પન્ન થયેલા નથી, તે તો સંયોગાશ્રિત ભાવો છે. મારો સ્વભાવ તો એક છે, ને રાગાદિભાવો તો અનેક પ્રકારનાં ક્ષણિક છે. આમ ભેદજ્ઞાન કરીને પોતાના આત્માને અનુભવમાં લે. હે ભાઈ! આ જન્મ–મરણનાં દુઃખડા ટાળવા માટે તું આવા આત્માને જાણ, ને તેની ભાવના વડે તેમાં જ એકાગ્ર થા.–

**ચાર ગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ;**
**શુદ્ધાતમચિંતન કરી શિવસુખનો લે લ્હાવ.**
**ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર;**
**શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર.**

**(યોગસાર)**

પોતાના સ્વભાવની એકત્વભાવનારૂપે પરિણમેલા જ્ઞાની ધર્માત્મા એમ અનુભવે છે કે હું તો મારા એકત્વ સ્વરૂપમાં જ છું; સઘળાય પરભાવો મારાથી બાહ્ય છે. ચૈતન્યચિંતામણિ એવો હું પોતે મારા અનંત દિવ્ય જ્ઞાન–આનંદથી સમૃદ્ધ છું; પછી અનેક પ્રકારનાં બાહ્ય ભાવોનું મારે શું કામ છે?

–આવા આત્માના અનુભવરૂપ શુદ્ધભાવ વડે ભગવાને મોક્ષને સાધ્યો, ને ધર્મી જીવો પણ આત્માના એવા જ અનુભવ વડે તે જ માર્ગે મોક્ષને સાધે છે. મોક્ષને સાધવાની આ રીત જાણીને મુમુક્ષુ મહા આનંદિત થાય છે. વાહ! જે માર્ગે ભગવાન મોક્ષ પધાર્યા તે જ માર્ગ મને પ્રાપ્ત થયો.

**શ્રમણો જિનો તીર્થંકરો એ રીત સેવી માર્ગને,**

**સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.**

*****

## સાધક પોતાના સિદ્ધપદને કઈ રીતે સાધે છે?

જેણે આત્મા સાધવો હોય તેણે તે કેવી રીતે સાધવો? તે વાત છે. જડ દેહાદિથી આત્મા જુદો છે, ને પોતાના જ્ઞાનાદિ સ્વભાવોથી અભિન્ન છે. જ્ઞાન વગરનો કોઈ જીવ હોતો નથી; અને જીવ સિવાય બીજામાં ક્યાંય જ્ઞાન હોતું નથી. –આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને પર દ્રવ્યથી અત્યંત ભિન્નપણે તેને સાધવો.

દેહની ચીજમાં આત્મા નથી, ને આત્મામાં દેહ નથી. જ્ઞાનમાં આત્મા છે ને આત્મામાં જ્ઞાન છે. દેહ તો દૂર રહ્યો, વિકલ્પ ઊઠે તે પણ આત્માની ચીજ નથી. વિકલ્પમાં એકતા કરતાં આત્મા અનુભવમાં નહીં આવે. વિભ્રમથી જ વિકલ્પો પોતાના સ્વરૂપે ભાસે છે. પણ જ્ઞાન કદી પણ વિકલ્પરૂપ થતું નથી. આત્મા સદાય જ્ઞાનસ્વરૂપ છે.

આ રીતે ભેદજ્ઞાન વડે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરીને ધર્મી જીવ મોક્ષમાર્ગને પોતામાં જ પરિણમાવે છે. રાગને પોતામાં તન્મય નથી કરતો, તેનાથી તો જુદો પડીને આત્મસ્વભાવમાં તન્મયતા વડે મોક્ષમાર્ગ પ્રગટ કરે છે; આ રીતે સાધક પોતાના સિદ્ધપદને સાધે છે.

# અચિંત્ય શક્તિવાળો સર્વજ્ઞસ્વભાવી દેવ

**આત્મા અચિંત્ય શક્તિવાળો સર્વજ્ઞસ્વભાવી દેવ છે. તેની આરાધના વડે સમ્યક્ત્વથી માંડીને સિદ્ધપદ સુધીનાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે.**

**( સમયસાર કળશ ૧૪૪ના પ્રવચનમાંથી )**

અનંત સિદ્ધ ભગવંતો સર્વજ્ઞપણે બિરાજે છે. લાખો અરિહંત ભગવંતો સર્વજ્ઞપણે બિરાજે છે. કરોડો જીવો મુનિદશામાં સર્વજ્ઞપદને સાધી રહ્યા છે. અસંખ્ય જીવો પંચમગુણસ્થાને સર્વજ્ઞપદને સાધી રહ્યા છે. અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ જીવો સર્વજ્ઞપદને સાધી રહ્યા છે. ને શક્તિપણે અનંતાનંત જીવોમાં સર્વજ્ઞતા ભરેલી છે. સર્વજ્ઞસ્વભાવી આવો આત્મા અચિંત્ય શક્તિવાળો દેવ હું પોતે છું–એમ જેણે સ્વ વસ્તુનો પરિગ્રહ કર્યો ( શ્રદ્ધા જ્ઞાનમાં તેની પક્કડ કરી ) તેને રાગનો પરિગ્રહ ન રહ્યો, 'રાગ હું' એવી પક્કડ ન રહી. અહા, હું જ સર્વજ્ઞસ્વભાવી, અચિંત્ય શક્તિવાળો દેવ, પછી પરભાવના બીજા પરિગ્રહનું શું કામ છે? –કેમકે સર્વજ્ઞતામાં જ સર્વ અર્થની સિદ્ધિ છે.–સર્વજ્ઞતા થઈ ત્યાં આત્મસ્વરૂપનાં સર્વકાર્ય સિદ્ધ થઈ ગયા, જ્ઞાન પૂરું થયું, આનંદ પૂરો થયો, સર્વે ગુણો પૂરા થયા, પછી હવે બીજું કોઈ પ્રયોજન બાકી નથી રહ્યું. પૂર્ણ અતીન્દ્રિય સુખસહિત સર્વજ્ઞતા જ્યાં સિદ્ધ થઈ પછી બીજા પદાર્થના સંગ્રહને તે શું કરે ? માટે સર્વજ્ઞસ્વરૂપને અનુભવનાર જ્ઞાનીને અન્ય કોઈ પરવસ્તુનો પરિગ્રહ નથી. જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનપદના ચિન્તનથી–અનુભવનથી જ્યાં પરમ સુખરૂપ કાર્યસિદ્ધિ થાય છે ત્યાં, શુદ્ધ સ્વરૂપના અનુભવથી બાહ્ય એવા રાગાદિ વિકલ્પોનું શું કામ છે ? શુદ્ધ ચૈતન્યપદનો જ્યાં અનુભવ છે ત્યાં અન્ય પદાર્થનું સ્મરણ કોણ કરે ? અહા ! પોતામાં શુદ્ધ જીવવસ્તુ જ્ઞાનમાત્ર અનુભવ ચિંતામણિ–રત્ન છે, એ અનુભવ–ચિંતામણિરત્ન વડે પરમાત્મપદ ને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય છે, –પછી ત્યાં શુભ–અશુભ વિકલ્પોના સંગ્રહનું શું પ્રયોજન છે? એનાથી તો કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. સર્વજ્ઞભાવથી ભરેલો અચિંત્ય મહિમાવાળો આત્મા પોતે પરમ પૂજ્ય દેવ છે, એ દેવ જેને પ્રસન્ન થયા તે પછી બીજાને કેમ સેવે ? ભગવાન જેને ભેટયા તે ભીખારીને કેમ સેવે ?

જુઓ, આ સર્વજ્ઞનો ધર્મ !! આત્માની સર્વજ્ઞતા બતાવે એવો આ સર્વજ્ઞનો ધર્મ છે.....તેને ઉત્સાહથી આરાધો......

( અનુસંધાન માટે જુઓ પાનું ૨૬ )

# તું સ્થાપ નિજને મોક્ષપંથે

(સમયસાર ગા. ૪૧૨)

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણામ તે મોક્ષમાર્ગ છે; તેમાં આત્માને સ્થાપ! અનાદિથી પરભાવમાં એકત્વબુદ્ધિ કરીને તેમાં આત્માને સ્થાપ્યો હતો, તેને બદલે હવે તેમાંથી પાછો વાળીને સ્વદ્રવ્યની સન્મુખતાથી પ્રગટેલા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં તારા આત્માને સ્થાપ! તેમાં તન્મય થઈને પરિણમ. –તે પરમાર્થ મોક્ષમાર્ગ છે.

બીજી ગાથામાં કહ્યું હતું કે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત જીવ સ્વસમય છે. અહીં હવે શાસ્ત્ર પૂરું કરતાં ૪૧૨ મી ગાથામાં કહે છે કે હે ભવ્ય! તારા આત્માને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં નિશ્ચળપણે સ્થાપ, નિરંતર સ્થાપ. એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ ધ્યાવ; જ્ઞાનચેતનામય થઈને તેનો જ અનુભવ કર. નિર્મળપર્યાયને ધ્યાવવાનું–અનુભવવાનું કહ્યું તેનો અર્થ, તે પર્યાયમાં અભેદ થઈને પરિણમેલા શુદ્ધ આત્માને જ ધ્યાવ–અનુભવ, તેમાં સ્થિર થા! ત્યાં આનંદ છે......ત્યાં જ વિશ્રાંતિ–પરમ શાંતિ છે. –આવો જ મોક્ષમાર્ગ અરિહંતોએ ઉપદેશ્યો છે.

શુદ્ધઆત્માના આશ્રયે થયેલા જે નિશ્ચય દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે જ એક નિયમરૂપ મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગમાં જે પુરુષો સ્થિત થાય છે તેઓ શીઘ્ર સમયના સારને પામે છે. ભાઈ, આ મોક્ષના મારગમાં આવવાની વાત છે.

જ્યાં આત્મા છે ત્યાં તું શોધ; જ્યાં આત્મા નથી તેના મમકાર વડે આત્મા નહીં મળે, દ્રવ્યલિંગમાં કે રાગમાં ભગવાન આત્મા નથી, તેથી જેઓ દ્રવ્યલિંગને કે રાગને પોતાપણે અનુભવે છે તેઓ શુદ્ધઆત્માને દેખતા નથી, અનુભવતા નથી. એટલે મોક્ષમાર્ગને પામતા નથી. તેઓ તો રાગને જ અનુભવતા થકા અશુદ્ધ આત્માને દેખે છે.

કોઈ કહે કે સમ્યગ્દર્શન સહિતનો શુભરાગ–વ્યવહાર તે મોક્ષનું કારણ થાય. –તો તેમ પણ નથી. જેને સમ્યગ્દર્શન થયું ને શુદ્ધઆત્મા અનુભવમાં આવ્યો તે તો રાગથી આત્માને જુદો જાણે છે. જેને જુદો જાણ્યો તે મોક્ષનું કારણ કેમ થાય? શુદ્ધઆત્માના અનુભવથી મોક્ષ થાય છે, ને તે અનુભવમાં રાગનો અભાવ છે. માટે કહે છે કે હે જીવ! રાગ વગરના નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે પરમાર્થ મોક્ષમાર્ગ તેમાં તું તારા આત્માને સ્થાપિત કર.

# જિનભાવના

## ( ભાવપ્રાભૃતનાં પ્રવચનો )

*****

**આ ભાવપ્રાભૃતમાં આચાર્યદેવ વારંવાર કહે છે કે હે જીવ! તું ‘જિનભાવના’ ભાવ! જિનભાવના એટલે શુદ્ધઆત્માની ભાવના; આત્માના સ્વભાવની સન્મુખ થઈને તેની ભાવના કરવી તેનું નામ જિનભાવના છે, આવી જિનભાવના વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. માટે હે જીવો! પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ જિનભાવનાને તમે ભાવો. જિનભાવના વગર જીવ ચાર ગતિનાં ભીષણ દુઃખ પામ્યો, માટે હવે તેનાથી છૂટવા ને મોક્ષસુખ પામવા તમે જિનભાવના ભાવો.**

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે રચેલા અષ્ટપ્રાભૃતમાં આ પાંચમું ભાવપ્રાભૃત છે; તેમાં ભાવશુદ્ધિનો ઉપદેશ છે. ભાવશુદ્ધિ એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધભાવ. વીતરાગી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આવો શુદ્ધભાવ આત્માના આશ્રયે જ પ્રગટે છે. આવા શુદ્ધભાવવડે જે પરમાત્મા થયા તે અરિહંતાદિ પરમાત્માને નમસ્કાર કરું છું. તે પરમાત્મા આવા શુદ્ધભાવરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો ઉપદેશ દેનારા છે ને તેવા શુદ્ધભાવના કરનાર છે. તેમણે પોતાના આત્મામાં એવો શુદ્ધભાવ કર્યો છે ને બીજા જીવોને પણ તેવો શુદ્ધભાવ કરવામાં નિમિત્ત છે. શુદ્ધભાવ એટલે વીતરાગભાવ અથવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ; તે પોતાના સ્વભાવના આશ્રયે જ પ્રગટે છે; તેથી આત્માને જાણ્યા વગર શુદ્ધભાવ પ્રગટે નહીં. આવા આત્માની ઓળખાણ કરીને શુદ્ધભાવ પ્રગટ કરવામાં અરિહંતપરમાત્મા વગેરે પંચપરમેષ્ઠી નિમિત્ત છે, તેથી મંગલાચરણમાં તેમને નમસ્કાર કરીને આ ભાવપ્રાભૃત શરૂ થાય છે.–

## 卐 ગાથા : ૧ 卐

**( પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર )**



णमिऊण जिणवरिंदे णरसुरभवणिंदवंदिए सिद्धे।
वोच्छामि भावपाहुडम् अवसेसे संजदे सिरसा।।१।।

**નર-ઇન્દ્રથી વંદિત અહો ! અરિહંતને વળી સિદ્ધને**
**શિરસા નમી, કહું ભાવપ્રાભૃત; વંદું સંયત સર્વને. ( ૧ )**

નરેન્દ્ર સુરેન્દ્ર અને ભવનેન્દ્રથી વંદિત એવા જિનવરેન્દ્રોને, સિદ્ધોને તથા બાકીના સંયતોને મસ્તક વડે નમસ્કાર કરીને હું ભાવપ્રાભૃતમાં કહીશ.

આચાર્યદેવ ભાવપ્રાભૃતના મંગલમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે; તેમને ભાવશુદ્ધિ પ્રગટી છે; ભાવશુદ્ધી અર્થાત્ શુદ્ધભાવ તેને લીધે જ તેઓ મહિમાવંત છે. શુદ્ધભાવ જ સંવર–નિર્જરા–મોક્ષનું કારણ છે. શુભરાગથી પુણ્ય છે, તે તો પાપની જેમ ભાવબંધ છે, તે કાંઈ નિર્જરાનું કારણ નથી. નિર્જરાનું કારણ તો શુદ્ધભાવ છે. શુદ્ધઆત્માની દ્રષ્ટિથી થયેલો જે રાગ–દ્વેષ વગરનો શુદ્ધભાવ એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર તે જ નિર્જરાનું ને મોક્ષનું કારણ છે. ૧૪૮ પ્રકૃતિમાંથી તીર્થંકરાદિ કોઈ પણ કર્મપ્રકૃતિ જે ભાવથી બંધાય તે અશુદ્ધભાવ સંસારનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. તીર્થંકરને કેવળજ્ઞાન થયું તે શુદ્ધ ભાવથી જ થયું છે, તે કાંઈ રાગથી કે તીર્થંકરપ્રકૃતિથી થયું નથી. શુદ્ધઆત્માના અનુભવમાં લીનતારૂપ શુદ્ધભાવ, તેનું ફળ કેવળજ્ઞાન છે. વચ્ચે રાગ આવ્યો ને તીર્થંકર પ્રકૃતિ બંધાણી તેનું ફળ

કાંઈ કેવળજ્ઞાન નથી. શુદ્ધઆત્માના અવલંબને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે શુદ્ધભાવ થયો તે જ કેવળજ્ઞાનનું ને મોક્ષનું કારણ છે.

પ્રશ્નઃ– જેને તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે તો નિયમથી કેવળજ્ઞાન પામશે ?

ઉત્તરઃ– તે કેવળજ્ઞાન પામશે એ ખરું– પણ કોના કારણે પામશે ? જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે બંધભાવને છેદીને કેવળજ્ઞાન પામશે કે રાખીને ? તે બંધભાવના કારણે કેવળજ્ઞાન નહીં પામે, પણ તે બંધભાવને છેદીને, શુદ્ધભાવ વડે કેવળજ્ઞાન પામશે; તીર્થંકરપ્રકૃતિ તો જડ છે, ને જે ભાવે તે પ્રકૃતિ બંધાણી તે બંધભાવ –વિકારભાવ છે, તેના કારણે કોઈને કેવળજ્ઞાન થાય નહીં. જે કોઈ જીવો તરે છે તેઓ વીતરાગી શુદ્ધભાવ વડે જ તરે છે; રાગાદિ અશુદ્ધભાવ વડે કોઈ જીવો તરતા નથી. આ રીતે વંદનીકપણું તો શુદ્ધ વીતરાગી ભાવ વડે છે–એમ ઓળખીને રાગથી ભિન્ન આત્માના અનુભવરૂપ ભેદજ્ઞાન કરવું જોઈએ.

રાગાદિ અશુદ્ધભાવને જ અજ્ઞાની ઓળખે છે, ને તેને જ તે ધર્મ માને છે, પણ આત્માના આશ્રયે થતો જે રાગ વગરનો શુદ્ધભાવ છે ( –સમ્યગ્દર્શન પણ રાગ વગરનો શુદ્ધભાવ છે ) તે ધર્મ છે ને તે મોક્ષનું કારણ છે, તેને અજ્ઞાની ઓળખતો નથી. વીતરાગી શુદ્ધભાવને લીધે જ પંચપરમેષ્ઠીનું પૂજ્યપણું છે, રાગને લીધે કે સંયોગને લીધે પૂજ્યપણું નથી. આવા વીતરાગભાવની ઓળખાણ વડે જ અરિહંતાદિની સાચી ઓળખાણ થાય છે. મોક્ષમાર્ગપ્રકાશકના મંગલાચરણમાં પં. ટોડરમલજી લખે છે કે–

મંગલમય મંગલકરણ વીતરાગ–વિજ્ઞાન;
નમું તેહ, જેથી થયા અરિહંતાદિ મહાન.

આ વીતરાગવિજ્ઞાન કહો કે શુદ્ધભાવ કહો, તેના વડે જ જીવો પંચપરમેષ્ઠી થાય છે, ને તેના વડે જ તેઓ પૂજ્ય છે.

અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ એ પાંચે પરમેષ્ઠીને શુદ્ધભાવના માહાત્મ્ય વડે પૂજ્યપણું થયું છે; તેમાં અરિહંત અને સિદ્ધભગવાનને તો પૂર્ણ શુદ્ધભાવ થઈ ગયો છે, ને આચાર્ય–ઉપાધ્યાય સાધુને એકદેશ શુદ્ધભાવ થયો છે. ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દ્રષ્ટિને પણ શુદ્ધભાવ શરૂ થઈ ગયો

છે, તે શુદ્ધભાવરૂપ સાધનવડે સિદ્ધપદને સાધે છે. રાગના સાધનવડે સિદ્ધપદ સધાતું નથી. જે રાગને સિદ્ધપદનું સાધન માને તેને રાગ વગરના શુદ્ધભાવની ખબર પણ નથી, અને શુદ્ધભાવવાળા પંચપરમેષ્ઠીને પણ તે ઓળખતો નથી; તે તો સંસારના સાધનને જ મોક્ષનું સાધન માની રહ્યો છે. મુનિ વગેરેને રત્નત્રયની સાથે વ્રતાદિનો જે શુભરાગ છે તે રાગવડે કાંઈ તેઓ મોક્ષને નથી સાધતા, પણ રત્નત્રયરૂપ જે શુદ્ધતાના અંશો છે તેના વડે જ પૂર્ણ શુદ્ધતાને તેઓ સાધે છે. એ જ રીતે ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનાદિ જેટલી ભાવશુદ્ધિ છે તેના વડે તે પૂર્ણશુદ્ધતારૂપ મોક્ષને સાધે છે, પણ જે રાગ છે તેને મોક્ષનું સાધન માનતા નથી. શુદ્ધતાનું સાધન તો શુદ્ધતારૂપ જ હોય, રાગરૂપ ન હોય.

મુનિ વગેરે ગુરુઓ વીતરાગતાને સાધે છે ને વીતરાગતાનો જ વારંવાર ઉપદેશ આપે છે; પોતે જે સાધે છે તેનો જ ઉપદેશ આપે છે, અને તેઓ જ ગુરુપદે શોભે છે. રાગની પુષ્ટિનો જે ઉપદેશ આપે તે ગુરુપદે શોભતા નથી, તે તો કુગુરુ છે. વીતરાગતાના સાધક ગુરુ તો વારંવાર એવો ઉપદેશ આપે છે કે તારો સ્વભાવ વીતરાગી છે, વીતરાગભાવ જ ધર્મ છે, વીતરાગભાવ જ મોક્ષનું સાધન છે, વીતરાગભાવમાં જ સુખ છે, શુદ્ધઆત્માના આશ્રયે વીતરાગભાવ જ કર્તવ્ય છે; –એમ વારંવાર વીતરાગતાનો પોષક ઉપદેશ આપે છે. રાગથી ધર્મ થશે એમ તેઓ કહેતા નથી. બધા જૈનશાસ્ત્રોનો સાર વીતરાગભાવ જ છે અને તે વીતરાગતા શુદ્ધઆત્મસ્વભાવના અનુભવથી થાય છે. આત્માની સન્મુખ થઈને શુદ્ધભાવ પ્રગટ કરવો તે જ ધર્મની શરૂઆત છે, તે જ મોક્ષનો માર્ગ છે ને તેમાં જ સંવર–નિર્જરા છે. આવા શુદ્ધભાવને પામેલા ને તેનો ઉપદેશ દેનારા એવા પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને ભાવપ્રાભૃતનું મંગલાચરણ કર્યું છે.

આ ભાવપ્રાભૃતમાં આચાર્યદેવ વારંવાર કહે છે કે હે જીવ! તું 'જિનભાવના' ભાવ! જિનભાવના એટલે શુદ્ધઆત્માની ભાવના; આત્માના સ્વભાવની સન્મુખ થઈને તેની ભાવના કરવી તેનું નામ જિનભાવના છે, આવી જિનભાવના વડે સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્ર પ્રગટે છે. માટે હે જીવો! પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ જિનભાવનાને તમે ભાવો. જિનભાવના વગર જીવ ચાર

ગતિનાં ભીષણ દુઃખ પામ્યો. હવે તેનાથી છૂટવા ને મોક્ષસુખ પામવા માટે તમે જિનભાવના ભાવો.

જિનભાવના એટલે સમ્યગ્દર્શન; સમ્યગ્દર્શનાદિ ભાવશુદ્ધિ હોય ત્યાં જ સાચી મુનિદશા પ્રગટે છે, માટે સમ્યક્ત્વાદિરૂપ ભાવશુદ્ધિની મુખ્યતા છે–એ વાત બીજી ગાથામાં સમજાવે છે.

## 卐 ગાથા : ૨ 卐

### ( ભાવલિંગની પ્રધાનતા )

પ્રથમ તો સમ્યગ્દર્શનરૂપ જે ભાવ છે તે મુખ્ય છે, તેના વગરનું દ્રવ્યલિંગ કાંઇ પરમાર્થરૂપ નથી. સમ્યગ્દર્શનાદિ ભાવશુદ્ધિ હોય ત્યાં દ્રવ્યલિંગ–મહાવ્રતાદિ હોય છે, તેમાં પણ તે દ્રવ્યલિંગ પરમાર્થરૂપ નથી, ભાવશુદ્ધિરૂપ ભાવલિંગ જ પરમાર્થ છેઃ માટે હે જીવ ! ભાવશુદ્ધિને જ તું પરમાર્થ મોક્ષકારણ જાણ–એમ કહે છે–

**भावो हि पढमलिंगं ण दव्वलिंगं च जाण परमत्थं।**
**भावो कारणभूदो गुणदोसाणां जिणा विंति।।२।।**

છે ભાવલિંગ જ મુખ્ય, પણ નહીં દ્રવ્યલિંગ પરમાર્થ છે;
ગુણદોષનું કારણ કહે ભગવંત જીવના ભાવને. (૨)

ભાવલિંગ જ મુખ્ય છે, તેને પરમાર્થરૂપ જાણ; દ્રવ્યલિંગને પરમાર્થ ન જાણ. ગુણ–દોષનું કારણ જીવનો ભાવ છે એમ જિનવરો કહે છે.

મોક્ષનું કારણ સમ્યગ્દર્શનાદિ ભાવ છે. મોક્ષના સાધક મુનિવરોને ભાવલિંગ અને દ્રવ્યલિંગ બંને હોય છે, પણ તેમાં મોક્ષનું કારણ તો ભાવલિંગ છે તેથી તે જ પરમાર્થ છે. ત્યાં દ્રવ્યલિંગ હોય છે ખરું પણ તે મોક્ષનું ખરું કારણ નથી એટલે તે પરમાર્થ નથી. પરમાર્થરૂપ હોવાથી ભાવલિંગને મુખ્ય કહ્યું એટલે કે 'પ્રથમ' કહ્યું. પહેલાં ભાવલિંગ પ્રગટે ને પછી દ્રવ્યલિંગ થાય–એમ 'પ્રથમ' નો અર્થ નથી; પણ ભાવલિંગ મુખ્ય છે–એવા અર્થમાં તેને 'પ્રથમ' કહ્યું છે. અથવા મુનિ થનારને પહેલાં સમ્યગ્દર્શનરૂપી શુદ્ધભાવ હોય છે. તે જીવ પહેલાં તો વૈરાગ્યથી ગુરુ પાસે જઈને દ્રવ્યલિંગ

ધારણ કરે છે, અને પછી અંતરના ધ્યાનવડે શુદ્ધોપયોગ થતાં ભાવલિંગ પ્રગટે છે, ત્યારે સાચું મુનિપણું થાય છે.

**દ્રવ્યલિંગ બે પ્રકારે-**

(૧) એક તો જેને સમ્યગ્દર્શનાદિ નથી ને બહારમાં પંચમહાવ્રતના પાલન સહિત નગ્નદિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યું છે, તો તે મિથ્યાત્વસહિત દ્રવ્યલિંગી છે; તે નવમી ગ્રૈવેયક સુધી જાય, પણ તેને ભવકટ્ટી ન થાય, -માટે દ્રવ્યલિંગ પરમાર્થ નથી, તે મોક્ષનું કારણ નથી. દ્રવ્યલિંગથી તેને ધર્મનો કાંઈ લાભ નથી.

(૨) બીજું-જે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, આત્માનું ભાન છે, અને વૈરાગ્યપૂર્વક મુનિદશાની ભાવનાથી દ્રવ્યલિંગને ધારણ કરે છે; દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી અંદર મુનિદશાને યોગ્ય શુદ્ધતા ન થઈ, સાતમું ગુણસ્થાન ન પ્રગટયું, -તો તે સમ્યગ્દ્રષ્ટિ જીવ પણ દ્રવ્યલિંગી છે. તેને સમ્યગ્દર્શનના પ્રતાપે ભવકટ્ટી તો થઈ ગઈ છે, પણ મુનિદશા હજી થઈ નથી. દ્રવ્યલિંગ હોવા છતાં તેને ભાવલિંગ ન થયું, માટે દ્રવ્યલિંગ પરમાર્થરૂપ નથી, તે મોક્ષનું કારણ નથી. દ્રવ્યલિંગને કારણે તેને ભવકટ્ટી નથી થઈ પણ સમ્યગ્દર્શનરૂપ ભાવશુદ્ધિને કારણે જ ભવકટ્ટી થઈ છે.

(દ્રવ્યલિંગ ધારણ કરે એટલે ભાવલિંગ પ્રગટે જ-એવો કાંઈ નિયમ નથી; પણ જ્યાં ભાવલિંગ પ્રગટે ત્યાં દ્રવ્યલિંગ હોય જ-એવો નિયમ છે.)

(૩) ત્રીજા પ્રકારમાં, ભાવલિંગ સહિત દ્રવ્યલિંગવાળા મુનિ છે. મુનિ થનાર તે જીવને આત્માનું જ્ઞાન તો પહેલાં હતું ને પછી પરિણામની ઉગ્રતા દેખીને મુનિદશાની ભાવનાથી પહેલાં દ્રવ્યલિંગ ધારણ કર્યું; પછી અંદરમાં શુદ્ધોપયોગના પ્રયોગથી નિર્વિકલ્પ ધ્યાનમાં સાતમું ગુણસ્થાન પ્રગટયું, એટલે ભાવલિંગ થયું, સાચી મુનિદશા થઇ. હવે તેને પણ જે દ્રવ્યલિંગ છે તે કાંઈ મોક્ષનું કારણ નથી એટલે તે પરમાર્થ નથી, જે ભાવશુદ્ધિરૂપ ભાવલિંગ છે તે જ પરમાર્થ છે, તે જ મોક્ષનું કારણ છે.

ભાવલિંગવાળા મુનિને દ્રવ્યલિંગ નગ્નદિગંબરરૂપ જ હોય છે. વસ્ત્રાદિ સહિત દશા હોય ને મુનિદશા થઈ જાય એમ બનતું નથી. પહેલાં અંદરમાં સાતમું ગુણસ્થાન પ્રગટી જાય ને પછી વસ્ત્રાદિ છોડીને મુનિ થાય–એમ નથી. વસ્ત્રાદિ સહિત દશામાં જ્ઞાનીને આત્માનો અનુભવ હોય. સમ્યગ્દર્શન હોય, પણ મુનિદશા ન હોય. પહેલાં દ્રવ્યલિંગ ધારણ કરીને અંતરના પ્રયોગપૂર્વક ભાવલિંગ પ્રગટ કરે છે. ભાવશુદ્ધિ સહિતના દ્રવ્યલિંગમાં પણ તે દ્રવ્યલિંગ કાંઈ પરમાર્થ નથી, તે જીવનું સ્વરૂપ નથી. શુદ્ધભાવ જ પરમાર્થ છે, તે જીવનું સ્વરૂપ છે. મુનિને સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ ભાવલિંગ સાથે દ્રવ્યલિંગ હોય છે ખરું; ભાવલિંગ સાથે દ્રવ્યલિંગ ગમે તેવું વિપરીત હોય–એમ ન બને. દ્રવ્યલિંગ યોગ્ય જ હોય છે, પણ મહત્તા ભાવલિંગની છે–એમ બતાવવું છે. મોક્ષનું કારણ ભાવલિંગ છે; દ્રવ્યલિંગ નહીં. દ્રવ્યલિંગ તો પરદ્રવ્ય–આશ્રિત છે, તેનું તો મમત્વ છોડીને અરિહંતો મુક્તિ પામ્યા છે. સમયસાર ગા. ૪૦૯–૪૧૦ માં કહે છે કે –અજ્ઞાની લોકો દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને તેનું મમત્વ કરે છે, પણ બધાય અરિહંત ભગવંતોએ તો શરીરાશ્રિત એવા દ્રવ્યલિંગનું મમત્વ છોડયું, ને શુદ્ધજ્ઞાનમય થઈને, આત્માશ્રિત દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે મોક્ષની ઉપાસના કરી. જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવો તેનું મમત્વ છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રને શા માટે સેવત? માટે જિનભગવંતો એમ કહે છે કે દ્રવ્યલિંગ તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તેમજ તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટતો નથી, તે તો શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, તે આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. માટે હે જીવ! તું સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ પરમાર્થમોક્ષમાર્ગમાં તારા આત્માને જોડ. મોક્ષાર્થી જીવોએ આવો એક જ મોક્ષમાર્ગ સદા સેવવાયોગ્ય છે.

અહીં કહ્યું કે હે જીવ! તું ભાવને મુખ્ય જાણ, તેને જ પરમાર્થ જાણ.–તો ‘ભાવ’ એટલે શું? તે કહે છે. સામાન્યપણે તો વસ્તુના પરિણામને ‘ભાવ’ કહેવાય છે, દરેક વસ્તુમાં પોતાનો ભાવ હોય છે. પણ અહીં મોક્ષમાર્ગમાં ‘ભાવ’ એટલે જીવના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વભાવભાવની મુખ્યતા છે, તે જ મોક્ષનું પરમાર્થ કારણ છે. આવી ભાવશુદ્ધિ વગરનું બધુંય

નિષ્ફળ છે એમ આચાર્યદેવ આગળ કહેશે.

આ જગતમાં જીવ–પુદ્ગલ–ધર્માસ્તિ–અધર્માસ્તિ–આકાશ–કાળ એ છ દ્રવ્યો છે; તેમાંથી જીવ–પુદ્ગલના પરિણામ પ્રગટ લક્ષમાં આવે છે. જીવ તો ચેતનાસ્વરૂપ છે અને પુદ્ગલ સ્પર્શાદિરૂપ જડ છે. તેનું એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ થવું તેને ભાવ કહે છે. હવે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણામ તે તો જીવના સ્વભાવરૂપ ભાવ છે, શુદ્ધભાવ છે, તે સુખનું ને મોક્ષનું કારણ છે; તથા રાગ–દ્વેષ –મોહરૂપ પરિણામ તે જીવના વિભાવરૂપ ભાવ છે; તે અશુદ્ધભાવ છે, તે દુઃખનું અને સંસારનું કારણ છે. પરમાણુમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શ તે તેનો સ્વભાવભાવ છે, અને તેમાં સ્કંધરૂપ કર્મ વગેરે અવસ્થા થાય તે વિભાવભાવ છે; જડમાં સ્વભાવ હો કે વિભાવભાવ હો, તેને કાંઈ સુખ–દુઃખ નથી. સુખ–દુઃખ જીવને હોય, જડને સુખ–દુઃખ ન હોય.

સમ્યક્ત્વાદિ સ્વભાવ–ભાવથી જીવને સુખ છે, અને મિથ્યાત્વાદિ વિભાવ–ભાવથી જીવને દુઃખ છે; માટે સ્વભાવરૂપ થવું ને વિભાવરૂપ ન થવું એમ જીવને ઉપદેશ છે. વિભાવભાવ જીવને કદી સુખનું કે મોક્ષનું કારણ થઈ શકે નહીં. પોતાના સ્વભાવને ઓળખતાં સમ્યક્ત્વાદિ જે શુદ્ધભાવ પ્રગટે છે તે સુખમય છે ને તે જ મોક્ષનું કારણ છે. માટે હે જીવ! તું જિનભાવના વડે એટલે કે શુદ્ધઆત્માની ભાવના વડે ભાવશુદ્ધિ પ્રગટ કર.

## ધર્માત્માનું અનુકરણ

દેહથી ભિન્ન આત્મા છે; તે આત્માને મરણ જ નથી પછી મૃત્યુનો ભય કેવો? આત્માને શરીર નથી પછી રોગ કેવો? આત્માને રોગ નથી પછી વેદના કેવી? હે બંધુ! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને તું પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત થઇશ નહીં, આત્મિક ભાવથી જરાપણ ડગીશ નહીં, દ્રઢ ચિત્ત થઈને આરાધનાને ઉગ્ર કરજે. પાંડવ–મુનિરાજ, સુકુમાર વગેરે ધીરવીર ધર્માત્માઓનું ઉત્તમ ચારિત્ર યાદ કરીને તેમનું અનુકરણ કરજે.

# भगवान पारसनाथ

**∗ લેખાંક ( ૪ ) ગતાંકથી ચાલુ ∗**

**આપણા કથાનાયક ભગવાન પારસનાથનો જીવ દશમા પૂર્વ ભવે મરુભૂતિ હતો, પછી હાથીના ભવમાં તે સમ્યગ્દર્શન પામ્યો; ત્યાંથી સ્વર્ગમાં જઈને પછી અગ્નિવેગ મુનિ થયા ને કમઠ–અજગર તેને ખાઈ ગયો; ફરી સ્વર્ગમાં જઈને પછી વજ્રનાભિ–ચક્રવર્તી થયા ને મુનિ થઈને ધ્યાનમાં હતા ત્યાં કમઠ–શિકારી ભીલે તેમને બાણ મારીને વીંધી નાંખ્યા; અને સમાધિમરણ કરીને તેઓ ગ્રૈવેયકમાં અહમીન્દ્ર થયા. ત્યારપછી શું થયું ? તે અહીં વાંચો.**

## ( ૭ ) પારસનાથનો જીવ ગ્રૈવેયકમાં અહમીન્દ્ર અને કમઠનો જીવ સાતમી નરકમાં નારકી

ગ્રૈવેયકમાં ઊપજેલા તે અહમીન્દ્રનું આયુષ્ય ૨૭ સાગરોપમ જેટલા અસંખ્ય વર્ષનું હતું. અને સાતમી નરકમાં ઊપજેલા તે કમઠના જીવનું આયુષ્ય પણ ૨૭ સાગરોપમ હતું. વળી પાછા અહીંથી નીકળીને બંને જીવો મનુષ્યલોકમાં ભેગાં થશે.

દેવલોકમાં ૧૬ સ્વર્ગથી પણ ઉપર જે નવગ્રૈવેયક છે તેમાં વચ્ચેના ગ્રૈવેયકમાં રત્નની દિવ્યશૈયામાં અત્યંત તેજસ્વી શરીર સહિત તે દેવ ઉત્પન્ન થયા; હજી એક કલાક પણ ન થઈ ત્યાં તો તે એકદમ યુવાન થઈ ગયા. દેવલોકનો આશ્ચર્યકારી વૈભવ જોતાં તે વિચારમાં પડી ગયા ને તેમને અવધિજ્ઞાન પ્રગટયું; પોતાનો પૂર્વ ભવ તેમણે જાણી લીધો, તેથી ધર્મનો ઘણો મહિમા આવ્યો કે અહો ! તે મુનિદશા ધન્ય હતી ! તે ચારિત્રવૃક્ષ તો મોક્ષફળ દેનારું છે, –પણ મારી વીતરાગ–ચારિત્રદશા પૂરી ન થઈ ને થોડોક રાગ બાકી રહી ગયો તેથી આ દેવલોકમાં અવતાર થયો છે. અહીં પણ મારે જૈનધર્મની ઉપાસના કર્તવ્ય છે. આમ વિચારી ત્યાં દેવલોકના જિનાલયમાં બિરાજમાન શાશ્વત રત્નમય જિનપ્રતિમાનું ખૂબ જ ભક્તિથી પૂજન કર્યું. દેવલોકમાં કલ્પવૃક્ષો પાસેથી પૂજનની સામગ્રી લીધી. તે દેવલોકની ઋદ્ધિ અલૌકિક હતી. ત્યાં

અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ દેવો હતા, તેમાંના કેટલાય દેવો બીજા જ ભવમાં તીર્થંકર થનારા હતા, કેટલાય જીવો બીજા જ ભવે મોક્ષ પામવાના હતા. –આવા ધર્માત્મા સાધર્મી–દેવો સાથે આનંદપૂર્વક અસંખ્ય વર્ષ સુધી ધર્મચર્ચા કરી. તે દેવો એવા નીરાકૂળ હતા કે પોતાનું દેવવિમાન છોડીને બીજે ક્યાંય જતા ન હતા. પોતાના વિમાનમાં જ રહીને તીર્થંકરો અને કેવળીભગવંતોને વંદન–નમસ્કાર કરતા હતા, મુનિવરોનાં ગુણગાન કરતા હતા ને મુનિપણાની ભાવના ભાવતા હતા. પોતાના દેવલોકથી થોડેક જ ઊંચે બિરાજમાન સિદ્ધભગવંતોને યાદ કરીને આત્માના શુદ્ધસ્વરૂપનું ચિંતન કરતા હતા. તેમનું શરીર સ્ફટિકમણિ જેવું તેજસ્વી અને સફેદ હતું, મળમૂત્ર કે રોગની ઉપાધિ તેમને ન હતી; સત્તાવીશહજાર વર્ષ સુધી તેમને ભૂખ લાગતી ન હતી; સત્તાવીસહજાર વર્ષે એકવાર ભૂખ લાગે ત્યારે મનમાં જ અમૃતને યાદ કરતાં તેમની ભૂખ મટી જતી હતી. દેવલોકનું જે દિવ્યશરીર, અને દિવ્યસામગ્રી, તેનાથી પણ પોતાનો આત્મા જુદો છે, ને તેમાં ક્યાંય સુખ નથી, સુખ તે તો આત્માનો અનુભવ છે–એમ તે ધર્માત્મા જાણતા હતા. –આવા આત્મજ્ઞાનસહિત દેવલોકના દિવ્યવૈભવ વચ્ચે તેઓ ૨૭ સાગર સુધી રહ્યા.

અને, સાત ભવથી તેમની સાથે સંબંધ ધરાવનાર કમઠના જીવે સાતમી નરકમાં ૨૭ સાગર સુધી અપરંપાર દુઃખની વેદના ભોગવી. જ્યારે તે ભીલ હતો અને મુનિરાજને બાણ મારીને મારી નાંખ્યા, ત્યાર પછી થોડા સમયમાં તે ભીલને પણ કોઈએ મારી નાંખ્યો અને ક્રૂરભાવને લીધે રૌદ્રધ્યાનથી મરીને તે સાતમી નરકમાં ઊપજ્યો; ઊપજતાં વેંત ઊંધે માથે ભાલા જેવી જમીન પર પડયો અને અત્યંત દુઃખથી પાછો પાંચસો જોજન ઊંચે ઊછળ્યો......પાછો ભૂમિ પર પડયો ને ઉછળ્યો; એમ વારંવાર થતાં લોટની જેમ તેનું શરીર વેરવિખેર થઈ ગયું ને તે ઘણું દુઃખ પામ્યો. અત્યંત ભયભીત થઈને મૂઢની જેમ ચારેકોર જોઈ રહ્યો કે અરે, આ બધું શું છે? હું અહીં ક્યાં આવી પડયો? અહીં તો ચારેકોર દુઃખનો જ દરિયો ઊછળી રહ્યો છે. અરે, હું ક્યાં જાઉં? શું કરું? કોનું શરણ લઉં? અરેરે? પૂર્વના મહાપાપથી હું આ નરકમાં આવી પડયો! અહીંની દુર્ગંધ તો સહન થતી નથી, ને અનંતી ઠંડીમાં શરીર ઓગળી જાય છે. આ નરકના કુવામાંથી હું ક્યારે છુટીશ! આમ બહુ જ દુઃખથી વિલાપ કરે છે. –પણ ત્યાં એનો વિલાપ કોણ સાંભળે? કોણ એની દયા કરે? ઊલ્ટું, બીજા નારકીઓ ઘાતકીપણે એને મારે છે. ભૂખ્યા–તરસ્યા તે જીવને અસંખ્ય વર્ષ સુધી ખાવાનું અન્ન કે પીવાનું પાણી મળતું નથી. દુઃખના માર્યા એને કાંઈ સૂઝતું નથી, ક્યાંય ચેન પડતું નથી. ધર્મનું સેવન તો કર્યું નથી, ધર્મા–

ત્માની વિરાધના કરીને એકલા પાપનું જ સેવન કર્યું છે, એને તો ચેન ક્યાંથી હોય! જે નિર્દયપણે જીવોની હિંસા કરે, માંસ ખાય, એવા પાપી જીવો નરકમાં અત્યંત ભયંકર દુઃખો ભોગવે છે; એકક્ષણ પણ ત્યાં સુખ નથી. હિંસાદિમાં સુખ માનનારા જીવો રાઈ જેટલા ઇન્દ્રિયસુખની ખાતર અનંતા મેરુ જેટલા દુઃખને નોતરે છે. નરકમાં પડેલો તે જીવ વિભંગજ્ઞાનથી પૂર્વનાં પાપોને યાદ કરીને પશ્ચાત્તાપ કરે છે કે અરેરે! પૂર્વે ક્રોધ કરતાં પાછું વાળીને જોયું નહીં તેથી આ હાલ થયા. પૂર્વે સંતોનો ઉપદેશ લક્ષમાં લીધો નહીં તેથી હું મહાન દુઃખમાં પડયો. ધન્ય છે તે જૈનધર્મને–કે જે આવા ભયંકર પાપોથી ને અજ્ઞાનમાંથી જીવોને છોડાવે છે. જીવ એકલો પાપ કરે છે ને જીવ એકલો જ દુઃખ ભોગવે છે; અત્યારે મારું કોઈ નથી. તેમ ધર્મમાં પણ જીવ એકલો જ ધર્મને સાધે છે, ને એકલો જ અંદરનું સુખ ભોગવે છે. –આમ અનેક પ્રકારે કોઈવાર અશુભવિચારમાં ને કોઈવાર શુભવિચારમાં કાળ ગુમાવતાં તેણે અસંખ્યાત વરસ સુધી સાતમી નરકનાં મહાન દુઃખો ભોગવ્યાં.

શાસ્ત્રકાર કહે છે કે અરે, આવા ક્રોધાદિ પાપોને દુઃખદાયક જાણીને છોડો; અને હે ભવ્ય જીવો! પરમ આનંદદાયક એવા જૈનધર્મને તમે ભક્તિથી સેવો.

## (૮) આનંદકુમાર અને સિંહ

દેવલોકમાંથી નીકળીને મરુભૂતિનો જીવ (એટલે કે પારસપ્રભુનો જીવ) તો અયોધ્યાનગરીમાં આનંદકુમાર તરીકે અવતર્યો; અને કમઠનો જીવ નરકમાંથી નીકળીને ક્રૂર સિંહ થયો.

આપણું ભરતક્ષેત્ર આ જંબુદ્વીપના દક્ષિણ ભાગમાં છે; ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરી છે તે શાશ્વત છે, તેનાં મૂળસ્થાને સાથિયો છે, અને તે નગરીમાં તીર્થંકરો જન્મે છે, તેથી તે મહાન તીર્થ છે. ઋષભદેવ વગેરે તીર્થંકર ભગવંતો અયોધ્યામાં જ જન્મ્યા હતા. ઉત્તમ અયોધ્યાનગરી અનેક જિનાલયોથી શોભતી હતી, ને તેના ઉપર સુંદર ધર્મધ્વજ ફરકતા હતા. ઋષભદેવ ભગવાનના ઈક્ષ્વાકુ વંશમાં ઘણાં વર્ષો પછી અયોધ્યામાં વજ્રબાહુ નામના રાજા થયા; તેમની પ્રભાવતી રાણીની કુંખે આનંદકુમારનો અવતાર થયો. આનંદકુમાર પોતે આત્માના આનંદને જાણતો હતો; ને બીજા જીવોને પણ આનંદ આપતો હતો. તે ગુણવાન, રૂપવાન અને બળવાન હતો, તેની બુદ્ધિ ધર્મમાં સ્થિર હતી. તે મોટા થતાં મહા–માંડળિક રાજા થયો; આઠ હજાર રાજાઓ તેના તાબામાં હતા. આવડો મોટો રાજા હોવા છતાં તે ધર્મને

એક ક્ષણ પણ ભૂલતો ન હતો; ધર્માત્માઓનું તે બહુમાન કરતો અને વિદ્વાનોનું સન્માન કરતો. અયોધ્યાની પ્રજા તેના રાજમાં ઘણી સુખી હતી.

ફાગણમાસમાં વસંતઋતુ આવી, ને બગીચાઓ સુંદર પુષ્પોથી ખીલી ઊઠયાં; ધર્માત્માઓનાં અંતરના બગીચા પણ શ્રદ્ધા–જ્ઞાન–આનંદનાં ફુલોથી ખીલી ઊઠયાં. આનંદ–મહારાજા રાજસભામાં બેઠા છે ને ધર્મચર્ચા વડે સૌને આનંદ કરાવે છે. એવામાં પ્રધાને આવીને કહ્યું કે હે મહારાજ! અત્યારે નંદીશ્વર–પૂજાના દિવસો છે તેથી આઠ દિવસ (ફાગણ સુદ આઠમથી પૂનમ) સુધી જિનમંદિરમાં ભગવાનની પૂજાનો મોટો અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો છે; તે ઉત્સવમાં પૂજન કરવા આપ પણ પધારો.

પ્રધાનની વાત સાંભળીને રાજા ઘણો ખુશી થયો, ને કહ્યું–અહો, વીતરાગ જિનદેવની પૂજાનો આવો અવસર મહા ભાગ્યથી મળે છે. રાજ્યભરમાં ધામધૂમથી મોટો ઉત્સવ કરો ને ભગવાનની પૂજા રચાવો, દાન આપો, ધર્મચર્ચા કરો, જિનગુણોનું ચિંતન કરો, ને જૈનધર્મની ખૂબખૂબ પ્રભાવના કરો.

જિનમંદિરમાં આઠ દિવસ ધામધૂમથી મોટો ઉત્સવ ચાલ્યો; ધજા–પતાકા અને દીવડાથી મંદિર શણગાર્યું હતું, મંગલ વાજાં વાગતાં હતા. આનંદરાજા પોતે ભક્તિથી પૂજામાં ભાગ લેતા હતા; હજારો–લાખો નગરજનો પણ ઉત્સવ જોવા અને પૂજા કરવા આવ્યા હતા; અને પ્રભુની પૂજા કરીકરીને પાપનો નાશ કરતા હતા.

મંગલ–ઉત્સવ ચાલતો હતો એવામાં વિપુલમતિ નામના એક મુનિરાજ પણ તે ઉત્સવ જોવા જિનમંદિરે આવ્યા. વાહ! એક તો ભગવાનની પૂજાનો મોટો ઉત્સવ, અને વળી મુનિરાજની પધરામણી,–તેથી ચારેકોર ઘણો જ હર્ષ છવાઈ ગયો. રાજાએ અને પ્રજાએ ઘણી ભક્તિથી મુનિરાજનાં દર્શન કર્યા, અને પછી તેમને ધર્મોપદેશ આપવા વિનંતિ કરી.

વીતરાગી મુનિરાજે કહ્યુંઃ હે ભવ્ય જીવો! આ આત્મા પોતે જ જ્ઞાન અને સુખસ્વરૂપ છે, તેને તમે ઓળખો. આખા જગતમાં બધે ફરી ફરીને જોયું પણ આત્મા સિવાય બીજે ક્યાંય અમને સુખ દેખાણું નહીં. આત્માનું સુખ આત્મામાં જ છે; બહારમાં શોધવાથી તે નહીં મળે. આત્માની ઓળખાણ વડે જ આત્માનું સુખ પમાય છે. રાગ વડે પણ તે સુખ પમાતું નથી. જિનશાસનમાં અરિહંત ભગવાને એમ કહ્યું છે કે પૂજા–વ્રતાદિ શુભરાગ વડે જીવને પુણ્ય બંધાય છે; અને મોહવગરનો જે વીતરાગભાવ છે તે ધર્મ છે, તેના વડે મોક્ષ પમાય છે.

રાગ વગરના સર્વજ્ઞદેવ, પરિગ્રહ વગરના શુદ્ધોપયોગી સાધુ તે નિર્ગ્રંથ ગુરુ, અને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવીને વીતરાગતાનો ઉપદેશ દેનારાં શાસ્ત્રો, આવા દેવ–ગુરુ–શાસ્ત્ર જગતમાં પૂજ્ય છે; તેની શ્રદ્ધા અને ઓળખાણ વડે આત્મહિત પમાય છે.

વળી તે મુનિરાજે કહ્યું કે–નંદીશ્વરદ્વીપમાં બાવન શાશ્વત જિનમંદિરો છે ને તેમાં કુલ ૫૬૧૬ વીતરાગી જિનપ્રતિમા બિરાજે છે. તે જિનપ્રતિમા આત્માના શુદ્ધસ્વરૂપનું પ્રતિબિંબ છે. જેમ અરીસામાં જોતાં પોતાનું મુખ દેખાય છે તેમ વીતરાગી જિનબિંબના દર્શનવડે આત્માનું શુદ્ધસ્વરૂપ અરિહંત જેવું છે તે લક્ષમાં આવે છે; અને આત્માનું શુદ્ધ સ્વરૂપ લક્ષમાં આવતાં મોહકર્મનો નાશ થઈ જાય છે.

–શ્રી મુનિરાજનો ઉપદેશ સાંભળીને સૌને ઘણી પ્રસન્નતા થઈ.

જિનદર્શનની પ્રભાવના અને જિનપૂજનનો મહિમા પ્રસિદ્ધ કરવા માટે આનંદરાજાએ મુનિરાજને ફરી વિનંતિ કરી કે–હે નાથ! આ રત્નની, સોનાની કે પાષાણની જિનપ્રતિમા તે તો અચેતન છે, તો તેનાં દર્શન–પૂજન કરનારને તે પુણ્યફળ શી રીતે આપી શકે? તે સમજાવો.

મુનિરાજે કહ્યું: હે ભવ્યજનો, સાંભળો! કોઈ ઈશ્વર આ જીવને કર્મનું ફળ આપતા નથી, પણ જીવ પોતે જેવા શુભ કે અશુભભાવ કરે છે તેવું ફળ તેને સ્વયં મળે છે. એક જ પ્રતિમાને દેખીને, જે પૂજા વગેરેના શુભભાવ કરે છે તેને પુણ્યફળ મળે છે, તથા તે જ પ્રતિમાને દેખીને જે અનાદરનો અશુભ ભાવ કરે છે તેને પાપફળ મળે છે; અને વીતરાગપ્રતિમાને દેખીને જે જીવ પોતાના શુદ્ધસ્વરૂપનું ચિંતન કરે છે તેને તેમાં તે નિમિત્ત થાય છે. પ્રતિમામાં જેમની સ્થાપના છે તે અરિહંત પરમાત્મા શુદ્ધ જ્ઞાનચેતનામય વીતરાગી આત્મા છે; તે આત્માને ઓળખતાં પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ પણ ઓળખાય છે, કેમકે જેવા અરિહંત ભગવાન છે તેવો જ આ આત્મા છે. આ રીતે અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય છે ને સમ્યગ્દર્શન થાય છે.

નંદીશ્વરના મંદિરોમાં રત્નોની શાશ્વત પ્રતિમાઓ દેખીને ઘણાય દેવો આશ્ચર્યથી ચૈતન્યના મહિમામાં ઊતરી જાય છે ને સમ્યગ્દર્શન પામે છે. જેમ આત્માનો શુદ્ધસ્વભાવ શાશ્વત અનાદિનો છે તેમ તેના પ્રતિબિંબરૂપ વીતરાગ પ્રતિમા પણ શાશ્વત અનાદિની છે. પાંચસો ધનુષ (એટલે એક હજાર મીટર જેટલી) મોટી તે રત્નની મૂર્તિ એવી આશ્ચર્યકારી છે કે જાણે સાક્ષાત્ તીર્થંકર ભગવાન જ બેઠા હોય! –જાણે

કે હમણાં તેમના મોઢામાંથી દિવ્યધ્વની નીકળશે! વીતરાગતાનું પરમ તેજ તેમની મુદ્રા પર ઝળકી રહ્યું છે. તેને જોતાં આત્માનો સર્વજ્ઞસ્વભાવ યાદ આવે છે, અહા! ચૈતન્યના અનંતગુણો જાણે કે મૂર્ત થઈને ઝળકતા હોય એવી અદ્ભુત એ રત્નપ્રતિમાની ઝલક છે. તે ભલે અચેતન હોય છતાં ચેતનના ગુણોનાં સ્મરણનું નિમિત્ત છે.

વસ્ત્ર–શસ્ત્ર કે અલંકાર વગરની, અને રાગનાં ચિહ્ન વગરની એવી વીતરાગપ્રતિમા તે તો શુદ્ધઆત્માના દર્પણ સમાન છે. જેમ દર્પણમાં પોતાનું રૂપ દેખાય છે તેમ જિનપ્રતિમારૂપ વીતરાગદર્પણમાં દેખતાં પોતાનું વીતરાગી–રૂપ યાદ આવે છે, ને તે વીતરાગ સ્વરૂપના ચિંતન વડે સમ્યગ્દર્શનાદિ થાય છે. વીતરાગપ્રતિમાના દર્શન–પૂજનના શુભરાગથી ઉત્તમ પુણ્ય બંધાય છે. આ રીતે વીતરાગ જિનબિંબના દર્શનને સમ્યક્ત્વનું તેમજ પુણ્યનું કારણ કહ્યું છે; તે પ્રતિમા કાંઈ કરાવતી નથી; પુણ્ય, પાપ કે સમ્યગ્દર્શનાદિ ધર્મ તે તો જીવના પોતાના ભાવ પ્રમાણે જ થાય છે. મુંગીમુંગી જિનપ્રતિમા એમ ઉપદેશ આપે છે કે સંકલ્પ–વિકલ્પો છોડીને તમે તમારા સ્વરૂપમાં ઠરો....હે ચેતન! તું જિનપ્રતિમા થા! જેવા સ્વરૂપે પ્રભુને ધ્યાવશો તેવા સ્વરૂપે તમે થશો. જેમ ચિંતામણિના ચિંતન વડે ઇષ્ટ ફળ મળે છે, તેમ જિનપ્રતિમા સમાન શુદ્ધ આત્માના ચિંતનવડે ઇષ્ટ ફળ મળે છે.

આનંદરાજા સહિત હજારો શ્રાવકજનો ઘણા ઉલ્લાસથી સાંભળી રહ્યા છે ને વિપુલમતિ મુનિરાજ ઉપદેશ આપી રહ્યા છેઃ જેમ મંત્રેલી ઔષધી અચેતન હોવા છતાં ઝેર ઉતારવામાં નિમિત્ત થાય છે, તેમ વીતરાગભાવરૂપ મંત્રવાળી જિનપ્રતિમા અચેતન હોવા છતાં જીવને મિથ્યાત્વાદિનું ઝેર ઉતારવામાં નિમિત્ત થાય છે. જેમ રાજમુદ્રાને મસ્તકે ચઢાવીએ છીએ તેમ પ્રતિમામાં જિનભગવાનની સ્થાપના થતાં તે જિનમુદ્રાને જિનવર સમાન જ ગણીને તેનું બહુમાન કરીએ છીએ, ને જિનગુણોને યાદ કરીને તેની ભાવના કરીએ છીએ. જે અજ્ઞાની જીવો જિનપ્રતિમાને દેખીને જિનદેવને યાદ નથી કરતા ને ઊલ્ટા તેની નિંદા કરે છે તેને તો જિનગુણનો પ્રેમ જ નથી. પિતાનો કે પત્નીનો ફોટો તો પ્રેમથી જુએ છે ને વીતરાગ ભગવાનની મૂર્તિ જોતાં વીતરાગ પ્રત્યે પ્રેમ કે બહુમાન નથી જાગતું, તો એવા જીવને શાસ્ત્રકાર અધમ કહે છે; તેને જિનદેવના માર્ગની ભક્તિ નથી, તે તો સંસારસમુદ્રની વચ્ચે વિષય–કષાયરૂપી મગરના મુખમાં જ પડેલા છે. હરરોજ જિનવરદેવનાં દર્શન કરીને જિનભાવના ભાવવી તે દરેક શ્રાવકનું કર્તવ્ય છે.

મુનિરાજના ઉપદેશમાં જિનદર્શનનો મહિમા સાંભળીને બધા જીવો ઘણા રાજી થયા, ને અંતરમાં અરિહંતદેવના ગુણોનો તથા આત્માના શુદ્ધસ્વરૂપનો વિચાર કરવા લાગ્યા......

( વિશેષ આવતા અંકમાં )

# મુમુક્ષુ-સાધક ભાવના ભાવે છે-

એક સમ્યગ્દ્રષ્ટિ–સ્વાનુભવી–સંત–ધર્માત્માના હૃદયમાં ચૈતન્યસાધનાની કેવી લગની હોય છે..... સંસારમાં રહ્યા છતાં સંસાર પ્રત્યે કેવો ઉદાસીનભાવ વર્તે છે, અને મુનિપદથી માંડીને સિદ્ધપદ સુધીની કેવી ભાવના તે ભાવે છે, –તે સંબંધી અનેક કાવ્યો આવે છે.....અહીં એવું એક કાવ્ય આપ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ‘અપૂર્વ અવસર’ (અર્થાત્ પરમપદ પ્રાપ્તિની ભાવના) –એ કાવ્યમાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી મુનિદશાથી માંડીને, શ્રેણીની, વીતરાગતાની, કેવળજ્ઞાનની અને સિદ્ધપદની કેવી ઉત્તમ ભાવના ભાવી છે!! એક વિશેષતા એ છે કે મુનિદશાની આવી ભાવના જે જે વૈરાગ્યવંત સન્તોએ વ્યક્ત કરી છે તે લગભગ કાવ્ય દ્વારા જ વ્યક્ત કરી છે.......શાંતચિત્તે એકાન્તમાં વૈરાગ્યથી જ્યારે આવા કાવ્યો રટાતા હોય ત્યારે તેમાંથી ઝરતા વૈરાગ્યમય અધ્યાત્મરસનું આસ્વાદન થાય છે. મુમુક્ષુએ તત્ત્વજ્ઞાનપૂર્વક આવી ભાવનાઓ વડે વૈરાગ્યરસનું નિરંતર પોષણ કર્તવ્ય છે.

મૈં વો દિન કબ પાઉં.......! મૈં વો દિન કબ પાવું.......!
મૈં ચૈતન્યબિંબ બન જાઉં.....! મૈં વો દિન કબ પાવું.......!
મૈં ઘરકો છોડ વન જાઉં.....! મૈં વો દિન કબ પાવું.......!
અંતરબાહ્ય ત્યાગ પરિગ્રહ..... નગ્ન સ્વરૂપ બનાવું...
સકલ વિભાવમયી પરિણતિ તજ.... સ્વાભાવિક ચિત્ત લાવું...મૈં વો દિન.
પર્વત ગૂફા નગર સુંદર, દીપક ચાંદ બનાવું...
ભૂમિ સૈજ આકાશ ચંદવા તકીયા ભૂજ લગાવું...મૈં વો દિન.
ઉપલ જાન મૃગ ખાજ ખૂજાવત ઐસા ધ્યાન લગાવું...
ક્ષુધા તૃષાદિક સહ પરીષહ દ્વાદશ ભાવન ભાવું...મૈં વો દિન.
દ્વાદશવિધ તપ તપન ધારકર દશ લક્ષણ ઉર લાવું...
સમ્યક્–દર્શન–જ્ઞાન–ચરણ–તપ આરાધન ચિત્ત લાવું...મૈં વો દિન.
ચાર ઘાતીઆ કર્મ નાશકર કેવલજ્ઞાન ઊપાવું...
ઘાતી–અઘાતી લહું શિવ ગુરુવર ફેર ન ભવમેં આવું...મૈં વો દિન.

**(અર્થ માટે સામે પાને જુઓ.)**

# मैं वो दिन कब पाउं......



આ અધ્યાત્મકાવ્ય દ્વારા સાધક ભાવના ભાવે છે કે અહા, સ્વાનુભૂતિમાં જે ચૈતન્યનું વેદન થયું, એ ચૈતન્યમાં લીન થઈને ચૈતન્યબિંબ બની જવા માટે હું ઘરને છોડીને વનમાં જાઉં. એવો દિવસ હું ક્યારે પામું! અંતરમાંથી તો રાગ–દ્વેષ–મોહ અને બહારમાંથી વસ્ત્રાદિ–એ સમસ્ત પરિગ્રહને ત્યાગીને હું અંતરમાં તેમજ બહારમાં દિગંબર સ્વરૂપ ધારણ કરું, ને વિભાવરૂપ સમસ્ત પરિણતિને છોડીને સ્વાભાવિકદશાને પ્રગટ કરું –એવો ધન્ય દિવસ મને ક્યારે આવે?

જેનું ચિત્ત મુનિદશામાં લાગેલું છે–એવો આ સાધક ભાવના કરે છે કે પર્વતની ગૂફા એ જ જેને વસવા માટેની સુંદર નગરી હોય, ચંદ્ર એ જ જેનો દીપક હોય, પૃથ્વી એ જ જેની પથારી હોય, આકાશ જેનો ચંદરવો હોય, અને હાથની ભૂજા એ જ તકીયો હોય–આવી મુનિદશા હું ક્યારે પામું? અને પછી નિજસ્વરૂપમાં લીન થઈને એવું ધ્યાન લગાવું કે જંગલના હરણીયાં ને મૃગલાં આ દેહને પથર સમજીને તેની સાથે ખાજ ખુજાવતા હોય. ક્ષુધા–તૃષા વગેરે અનેક પરીષહો શાંતભાવે સહન કરું ને બારભાવનાઓ ભાવીને વૈરાગ્યને પુષ્ટ કરું. બાર પ્રકારના તપ તપું અને દશલક્ષણ ધર્મોને અંતરમાં ધારણ કરું; વળી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ એવી ચૌવિધ આરાધનામાં આત્માને જોડું, તે આરાધના વડે ચાર ઘાતીઆ કર્મોને નષ્ટ કરીને કેવળજ્ઞાન પ્રગટાવું અને પછી બાકીના અઘાતી કર્મોને પણ ઘાતીને હું ઉત્તમ મોક્ષપદ પામું.....ને ફરી સંસારમાં ન આવું.

આવી ભાવનામાં સદાય તત્પર જેમનું ચિત્ત છે એવા સ્વાનુભવી

વૈરાગ્યવંત સન્તોને નમસ્કાર હો.

**સર્વજ્ઞનો ધર્મ-** **( અનુસંધાન પૃ. ૮ થી ચાલુ )**

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ! આરાધ! પ્રભાવ આણી,
અનાથ એકાન્ત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

( શ્રીમદ્ રાજચંદ્ર )

અરે જીવ! શરણરૂપ તારો સર્વજ્ઞસ્વભાવ.......એની આરાધના કર! બીજું કોઈ તને શરણ નથી.

ભગવાન આ તારી કાર્યસિદ્ધિનો અવસર છે......હે જીવ! આવો ઉત્તમ અવસર પામી તેને તું ચુકીશ મા! તારા અચિંત્ય શક્તિવાળા આત્માને તું ચુકીશ મા..... આત્માને ચુકીને પરને પોતાનાં માનીશ મા......રાગાદિ વિકલ્પોનો સંગ્રહ કરીશ મા.

અહા, આ ચૈતન્યદેવનું સામર્થ્ય અપાર છે....સર્વ જ્ઞેયોને જાણવાનું જેની એક પર્યાયનું સામર્થ્ય, એવા પૂર્ણ સામર્થ્યથી ભરેલી સ્વવસ્તુનો જ્યાં પરિગ્રહ થયો ત્યાં ધર્મીજીવ રાગાદિ પરભાવોનો સંગ્રહ કરતો નથી, તેમાં એકતા કરતો નથી, એટલે તે પરભાવો છૂટી જાય છે, તેની નિર્જરા થઈ જાય છે. તે તો પોતાના જ્ઞાનની શુદ્ધતાને જ ગ્રહણ કરે છે; તે જ્ઞાન સાથે અતીન્દ્રિય સુખ છે, એટલે તે જ્ઞાનમાં સ્વયમેવ કાર્યસિદ્ધિ છે. તે જ્ઞાન કૃતકૃત્ય છે, તેના સર્વ અર્થ સિદ્ધ થયા છે તેથી તે પોતે 'સર્વાર્થસિદ્ધ' છે. સર્વાર્થસિદ્ધિના વિમાનની આ વાત નથી પણ અંતરમાં ચૈતન્યના અતીન્દ્રિય સુખરૂપી સર્વ કાર્ય સિદ્ધ થયા છે–એવા આત્મસ્વભાવની આ વાત છે. દરેક જ્ઞાની પોતાના આત્માને અચિંત્યશક્તિવાળા 'સર્વાર્થસિદ્ધ' સ્વરૂપે જુએ છે; સર્વે અર્થ જેનાં સિદ્ધ છે એવો અચિંત્યશક્તિવાળો દેવ હું પોતે જ છું–એમ ધર્મી અનુભવે છે, પછી કોઈ પણ બીજા પદાર્થને મેળવવાની વાંછા તેને કેમ હોય? માટે તેને કિંચિત માત્ર અન્ય વસ્તુનો પરિગ્રહ નથી.

પોતાનું કાર્ય સિદ્ધ થઈ ગયું પછી બીજા સાધનને કોણ ગોતે? આવા સર્વાર્થસિદ્ધિ–સંપન્ન અચિંત્યશક્તિવાળા ચૈતન્યદેવને ઓળખીને તેને નમવું–તેમાં પરિણમવું તે પરમાર્થ દેવસેવા છે, વિકલ્પાતીત આનંદ તેનું ફળ છે.

જગતના બધા પદાર્થોના અસ્તિત્વને જાહેર કરવાની જેની તાકાત છે, અને જેના વગર જગતના કોઈ પદાર્થનું અસ્તિત્વ પ્રસિદ્ધ ન થઈ શકે એવી મહાન શક્તિવાળો આ ચૈતન્યદેવ છે.....એ દેવના ચિંતનથી મહા આનંદ થાય છે ને આત્માના સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ધર્મી જીવ પોતાના આત્માને જ આવી અચિંત્યશક્તિવાળો દેવ જાણીને સર્વ પ્રકારે તેની જ આરાધના કરે છે. તેની આરાધના વડે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનાં કાર્યો સિદ્ધ થાય છે.

# હે જીવ ! તું જ્ઞાનભાવના ભાવ, જ્ઞાનચેતનારૂપ થા.

**શાસ્ત્રોનું પઢવું-સાંભળવું તે બધું જ્ઞાનચેતનારૂપ શુદ્ધભાવ પ્રગટ કરવા અર્થે જ છે. એવા શુદ્ધભાવ વગરનું પઠન-શ્રવણ જીવને મોક્ષ માટે કાર્યકારી નથી. સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ જ મોક્ષને માટે કાર્યકારી છે; ને તે જ વાંચન-શ્રવણનો સાર છે.**

હે જીવ ! તું જ્ઞાનની ભાવના ભાવ. જ્ઞાનસ્વભાવી આત્માની સન્મુખ થઈને તેની ભાવનાના ભાવરૂપે પરિણમન કર, મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યય–કેવળજ્ઞાન એ પાંચે પર્યાયો જ્ઞાનની જ છે, જ્ઞાનસ્વભાવની ભાવનાથી જ તે પર્યાયો પ્રગટે છે. માટે તું જ્ઞાનસ્વભાવની ભાવના કર. જ્ઞાનની ભાવના અર્થે જ શાસ્ત્રનું પઠન–શ્રવણ છે; ને શાસ્ત્રો પણ એમ જ કહે છે કે તું જ્ઞાનનો અનુભવ કર.

શાસ્ત્રોનું પઠન કે શ્રવણ કરવા છતાં જો જ્ઞાનની ભાવના ન ભાવી એટલે કે જ્ઞાનચેતનારૂપ શુદ્ધભાવ પ્રગટ ન કર્યો તો તેનું બધું નિષ્ફળ છે. ભાવ વિના એટલે કે આત્માના સ્વભાવની સન્મુખ થયા વિના એકલા બાહ્યવલણથી શ્રવણ–પઠન કરવાથી જીવને શું લાભ છે? તેમાં તો વિકલ્પનો ક્લેશ છે, એમાં કાંઈ આનંદનું વેદન નથી. જેનાથી ભાવશુદ્ધિ ન થાય, ને જેમાં આનંદનું વેદન ન થાય, એવા પઠન–શ્રવણથી જીવને શું લાભ ? શ્રાવકધર્મ કે મુનિધર્મ તેનું કારણ તો નિશ્ચય સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ જ છે. ભાવશુદ્ધિ વગરની બધી ક્રિયાઓ તે તો માત્ર ખેદ છે.

કોઈ એમ સમજે કે માત્ર શાસ્ત્ર વાંચવા–સાંભળવા તે જ્ઞાન છે;–તો અહીં કહે છે કે વાંચી–સાંભળીને પોતાને જ્ઞાનસ્વરૂપ જાણે ને આનંદનો અનુભવ કરે ત્યારે તેને જ્ઞાનચેતના ખીલી કહેવાય, ને તેને સમ્યક્ત્વાદિરૂપ ‘ભાવ’ પ્રગટયા છે. આવા ભાવ વડે જ સિદ્ધિ પમાય છે.

અહો, આત્માના દરવાજા ખુલ્લા કરીને આનંદનો ખજાનો જે બતાવે તે જ ખરું જ્ઞાન છે. આનંદધામ જેમાં ન મળે તેને જ્ઞાન કોણ કહે ? –એ તો અજ્ઞાન છે;

તેમાં રાગ ખીલે છે પણ આત્માનો આનંદ ખીલતો નથી. અરે, જ્ઞાન કોને કહેવાય તેની પણ લોકોને ખબર નથી. બહારના જ્ઞાનને જ્ઞાન માન્યું છે પણ તે તો રાગમાં એકતાબુદ્ધિરૂપ અજ્ઞાન છે. અંતર્મુખ થઈને જે ભાવ પોતાને રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે અનુભવે તે જ ખરો ભાવ છે, તે જ સાચી જ્ઞાનચેતના છે, ને તે જ આનંદ સહિત મોક્ષને સાધે છે. એવા ભાવ પ્રગટ કરવા માટે શુદ્ધ આત્માની ભાવનાનો આ ઉપદેશ છે. ભાવના તે વિકલ્પ નથી પણ ભાવના તે શુદ્ધભાવરૂપ પરિણતિ છે. સ્વભાવને અનુસરતી જે શુદ્ધ પરિણતિ થઈ તેનું જ નામ 'ભાવના' છે. હે જીવ! આવી જિનભાવના તું ભાવ.

–આવી ભાવના તો વૃદ્ધ પુરુષો કરે?

–ના; યુવાન જીવો આવી ભાવના કરે છે; જે યુવાન છે એટલે કે આત્માને સાધવા માટે જેનો ઉત્સાહ થનગની રહ્યો છે એવા જીવો આવી ભાવના કરે છે. શરીરથી ભલે કદાચ તે વૃદ્ધ હોય પણ જેને આત્માના સ્વભાવનો ઉલ્લાસ છે તે ધર્મમાં યુવાન છે. આત્માને સાધવા માટે જેને વીર્યનો ઉત્સાહ છે તે જ સાચા યુવાન છે. બાકી તો જેને આત્માનો ઉલ્લાસ નથી આવતો તેને યુવાન કહેતા નથી. શરીરથી ભલે કદાચ તે યુવાન હોય પણ ધર્મનો ઉલ્લાસ નથી તો તેને ધર્મમાં યુવાન કહેતા નથી.

ભાઈ! જો તારા જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ તેં ન કરી તો શાસ્ત્ર વાંચી–વાંચીને સાંભળી–સાંભળીને તેં સાર શું કાઢયો? વાંચન–શ્રવણનો સાર તો એ છે કે પરભાવોથી ભિન્ન થઈને જ્ઞાનભાવરૂપે પરિણમવું. જેનું વાંચન–શ્રવણ કર્યું તે શાસ્ત્રમાં તો એમ કહ્યું હતું કે 'તું તારા જ્ઞાનસ્વરૂપનો અનુભવ કર.'–એ પ્રમાણે જે કરે તે જ સિદ્ધિને પામે છે, તે જ સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવરૂપ થાય છે, ને તેનું જ જ્ઞાન સફળ છે.

**માટે હે જીવ! તું જ્ઞાનભાવના ભાવ...**

**જ્ઞાનચેતનારૂપ થા.**

(ભાવપ્રાભૃત ગા. ૬૫–૬૬)

# અમૃતચંદ્રસૂરિ પીવડાવે છે-
# અનેકાન્તનાં અમૃત

**( ૧૪ બોલ વડે જ્ઞાનમાત્ર આત્માના અનેકાન્તસ્વરૂપની સમજણ )**

**ગુરુદેવ વારંવાર કહે છે કે અહો! આ અનેકાંત તો જૈનદર્શનના પ્રાણ છે; આ અનેકાન્ત જ્ઞાનસ્વરૂપ આત્માને પ્રસિદ્ધ કરીને સાચું જીવન જીવાડે છે. આ અનેકાન્તનું સ્વરૂપ સમજાવીને આચાર્યદેવે વીતરાગી અમૃત પીવડાવ્યા છે. દીવાળીની બોણીમાં આ અનેકાંતનાં અમૃત પીરસાય છે.**

**'લીજિયે......અમૃતરસ પીજિયે....સ્વાનુભવ કીજિયે'.**

સમયસારની ૪૧૫ ગાથામાં આચાર્યદેવે ઘણા પ્રકારે સ્પષ્ટતા કરીને જ્ઞાનસ્વરૂપ આત્મા બતાવ્યો; રાગાદિ સમસ્ત પરભાવોથી ભિન્ન જ્ઞાનમાત્ર જ આત્મા છે ને એવા આત્માના અનુભવથી જ આત્મા પરમ આનંદરૂપે પરિણમે છે–એમ સમજાવીને, જ્ઞાનમાત્ર આત્માનો જ અનુભવ કરવાનું કહ્યું.

હવે આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો તેમાં બીજા ધર્મો કયા પ્રકારે છે? 'જ્ઞાનમાત્ર' ભાવને અનેકાન્તપણું કઈ રીતે છે? તે વાત આચાર્યદેવ આ પરિશિષ્ટમાં સ્પષ્ટ કરે છે.

આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતાં એકાન્ત થઈ જતો નથી પણ જ્ઞાનમાત્ર આત્મામાં સ્વયમેવ અનેકાન્ત પ્રકાશે છે. 'જ્ઞાનમાત્ર' કહેતાં જ્ઞાનથી વિરુધ્ધ એવા અન્યભાવોનો આત્મામાંથી નિષેધ થાય છે, પણ જ્ઞાન સાથેના બીજા ધર્મોનો કાંઈ નિષેધ થતો નથી. જ્ઞાનસ્વરૂપ આત્મામાં તત્પણું –અતત્પણું, એકપણું–અનેકપણું, સત્પણું–અસત્પણું અને નિત્યપણું–અનિત્યપણું વગેરે અનેક ધર્મો છે, એટલે તેને અનેકાંતપણું છે. અનેકાન્તના ઉપદેશ વડે સર્વજ્ઞભગવાને જ્ઞાનસ્વભાવી આત્માને પ્રસિદ્ધ કર્યો છે. અનેકાન્ત કઈ રીતે આત્માને પ્રસિદ્ધ કરે છે તે વાત અહીં ૧૪ બોલ વડે આચાર્યદેવ સમજાવે છે:–

(૧) જ્ઞાનમાત્ર આત્માને સ્વરૂપથી તત્‌પણું છે; (૨) પરરૂપથી અતત્‌પણું છે.
(૩) જ્ઞાનમાત્ર આત્માને દ્રવ્યથી એકપણું છે; (૪) પર્યાયથી અનેકપણું છે.
(૫) જ્ઞાનમાત્ર ભાવને સ્વદ્રવ્યથી સત્‌પણું છે; (૬) પરદ્રવ્યોથી અસત્‌પણું છે.
(૭) જ્ઞાનમાત્ર ભાવને સ્વક્ષેત્રથી અસ્તિપણું છે; (૮) પરક્ષેત્રથી નાસ્તિપણું છે.
(૯) જ્ઞાનમાત્ર ભાવને સ્વકાળથી સત્‌પણું છે; (૧૦) પરકાળથી અસત્‌પણું છે.
(૧૧) જ્ઞાનમાત્ર આત્માને સ્વ–ભાવથી સત્‌પણું છે; (૧૨) પરભાવથી અસત્‌પણું છે.
(૧૩) જ્ઞાનમાત્ર ભાવને જ્ઞાનસામાન્યરૂપે નિત્યપણું છે; (૧૪) જ્ઞાનવિશેષરૂપે અનિત્યપણું છે.

–આ રીતે અનેકાન્ત વડે આત્માનું સ્વરૂપ બરાબર સમજાય છે. આવા ૧૪ બોલ દરેક આત્મામાં એકસાથે વર્તી રહ્યા છે. પરભાવોથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું–એમ સમજતાં અનેકાન્તના આ ૧૪ બોલ એકસાથે, તેમાં સમાઈ જાય છે. ‘જ્ઞાનમય હું છું’ એમ સ્વસન્મુખ થઈને અનુભવ કરતાં, ‘જ્ઞાનથી વિરુધ્ધ અન્યવસ્તુ હું નથી’ એમ પરની નાસ્તિ પણ તેમાં આવી જ જાય છે એટલે જ્ઞાનને અનેકાન્તપણું સ્વયમેવ પોતાના સ્વભાવથી પ્રકાશે છે. આવો અનેકાન્ત છે તે આત્માને જીવાડનાર છે.

હું મારા જ્ઞાનસ્વરૂપથી તત્‌રૂપ છું ને પરસાથે તદ્રૂપ હું નથી –એમ અનેકાન્ત વડે આત્માનો ઉદ્ધાર થાય છે, એટલે કે અનેકાન્ત વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરતાં જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે, ને વિપરીતભાવરૂપે પરિણમતું નથી; આ રીતે જ્ઞાનજીવનપણે આત્મા જીવતો રહે છે. અજ્ઞાનદશામાં જીવ પરરૂપે પોતાને માનતો ત્યારે મિથ્યાભાવને લીધે તેને ભાવમરણ થતું હતું, જ્ઞાનનું જ્ઞાનજીવન (જ્ઞાનપરિણમન) રહેતું ન હતું; અનેકાન્ત તે ભાવમરણથી બચાવે છે, ને જ્ઞાનજીવનપણે આત્માને જીવાડે છે. આ રીતે અનેકાન્ત તે જીવન છે, અનેકાન્ત તે અમૃત છે; અનેકાન્ત તે જૈનશાસનનો સાર છે, તેના વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થાય છે. આવા અનેકાન્તના ૧૪ બોલના વિસ્તાર વડે આચાર્યદેવ જ્ઞાનસ્વરૂપ આત્માને પ્રસિદ્ધ કરે છે; એટલે અનેકાન્તના આ ૧૪ બોલ વડે જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરતાં તેનો અનુભવ થાય છે. આત્માનો અનુભવ થાય એનું નામ જ આત્માની પ્રસિદ્ધિ છે. આત્માની આવી પ્રસિદ્ધિ માટે અહીં અનેકાન્તના ૧૪ બોલનો વિસ્તાર કરે છે.

## (૧–૨) જ્ઞાનસ્વરૂપ આત્માને સ્વરૂપથી તત્‌પણું, ને પરરૂપથી અતત્‌પણું

આત્માને પોતાના જ્ઞાનસ્વરૂપ સાથે તન્મયપણું છે, તેથી પોતાના સ્વરૂપથી

તેને તત્પણું છે, ને પરજ્ઞેયો સાથે તેને તન્મયપણું નથી તેથી પરરૂપથી તેને અતત્પણું છે; આમ તત્પણું ને અતત્પણું એવા બંને ધર્મોરૂપ અનેકાન્તપણું જ્ઞાનસ્વરૂપ આત્મામાં સ્વયમેવ પ્રકાશી રહ્યું છે. ભાઈ! તારો આત્મા આવા સ્વરૂપે છે, તેનો નિર્ણય તો કર.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે, ને પદાર્થો તેનું જ્ઞેય છે. જ્ઞેયોને જાણે એવું જ્ઞાનનું સ્વાભાવિક સામર્થ્ય છે; જ્ઞાનને પોતાના નિજરસથી જ પદાર્થો સાથે જ્ઞાતા–જ્ઞેયપણાનો સંબંધ છે. ત્યાં પોતાના જ્ઞાનરસમાં તન્મયપણું ભૂલીને અજ્ઞાની પોતાના જ્ઞાનતત્ત્વને પરજ્ઞેયરૂપે માની લ્યે છે, જ્ઞાનને પરની સાથે તન્મયપણું માને છે એટલે જ્ઞાનતત્ત્વનો તે નાશ કરે છે, અર્થાત્ જ્ઞેયોથી ભિન્ન પોતાના જ્ઞાનને તે ભૂલી જાય છે. પણ સર્વજ્ઞદેવે કહેલું અનેકાન્તમય વસ્તુસ્વરૂપ તેને એમ પ્રસિદ્ધ કરે છે કે હે જીવ! તું તો જ્ઞાન છો, તારું તત્પણું તો નિજ સ્વરૂપમાં છે; તારું તો જ્ઞાનરૂપ પરિણમન છે, કાંઈ જ્ઞેયોમાં તું ચાલ્યો ગયો નથી. માટે તારા જ્ઞાનમાં જ તારું તન્મયપણું જાણ! ને જ્ઞેયોથી ભિન્ન એવા જ્ઞાનને જ સ્વપણે અનુભવમાં લે. આમ સ્વરૂપથી તત્પણું બતાવીને અનેકાંત તે જીવનો ઉદ્ધાર કરે છે, તેનું અજ્ઞાન મટાડીને તેને જ્ઞાની કરે છે.

વળી અજ્ઞાની, પરજ્ઞેયો જ્ઞાનમાં જણાય ત્યાં એમ માને છે કે આ જ્ઞેયપણે જે કાંઈ જણાય છે તે બધું હું જ છું, પરને લીધે જ મારા જ્ઞાનનું અસ્તિત્વ છે, પરને લીધે મને જ્ઞાન થાય છે–એમ તે જ્ઞાનથી ભિન્ન એવા પરજ્ઞેયોને પણ પોતાપણે માનીને, પોતાના સ્વાધીન અસ્તિત્વનો નાશ કરે છે, જ્ઞાનનું પરજ્ઞેયોથી અતત્પણું છે–એટલે ભિન્નપણું છે તેને તે જાણતો નથી. ત્યારે અનેકાન્ત તેને પરથી અતત્પણું બતાવીને ભિન્નજ્ઞાનને પ્રસિદ્ધ કરે છે કે હે ભાઈ! તું તો વિશ્વથી ભિન્ન જ્ઞાન છો. જાણનારો તું છો, પણ જે પરજ્ઞેયો જણાય છે તે તું નથી; જ્ઞાન અને જ્ઞેયોની અત્યંત ભિન્નતા છે.

ભાઈ, તું પોતે જ્ઞાન છો; તારું તત્ત્વ તારા જ્ઞાનમાં છે. તારું જ્ઞાન જેમાં નથી એવા જે ભિન્ન પરજ્ઞેયો તે તારી અપેક્ષાએ તો અજ્ઞાન–તત્ત્વ છે, કેમકે તારા જ્ઞાનરૂપે તે પરિણમતા નથી. તારા જ્ઞાનપરિણમનને છોડીને, જેમાં તારા જ્ઞાનનું અતત્પણું છે એવા અજ્ઞાનતત્ત્વને તું પોતાના આત્મારૂપે માને છે, પણ તેમાં તો તારો નાશ થાય છે. માટે તું તારા જ્ઞાનને વિશ્વથી ભિન્ન દેખ, ને પોતાના જ્ઞાનમાં જ તું તન્મય રહે. આ રીતે અનેકાન્ત જ આત્માને જ્ઞાનમાત્રભાવપણે જીવંત રાખે છે.

પરચીજ વડે મારો ઉદ્ધાર થશે, પરચીજ વડે જ્ઞાન પમાશે, એમ બીજા વડે જ્ઞાનની પ્રાપ્તિ જે માને છે તે જ્ઞાનને પોતાપણે તત્ ન માનતાં પર સાથે એકમેક

માને છે. પરથી તો જ્ઞાન અતત્રૂપ છે, તેમાંથી જ્ઞાન આવતું નથી છતાં તેને લીધે જ્ઞાન થવાનું માને છે તે સ્વ–પરની ભેળસેળ કરીને શુદ્ધજ્ઞાન સાથે દગો કરે છે, જ્ઞાન પરિણમનનો નાશ કરીને અજ્ઞાનરૂપ પરિણમે છે. પણ અનેકાન્ત તેને વિશ્વથી ભિન્નતા બતાવીને પોતાના જ્ઞાનમાં જ એકાગ્રતા કરાવે છે. –એ રીતે તેને જીવાડે છે, જ્ઞાનરૂપ પરિણમાવે છે.

## ૩-૪, જ્ઞાનમાત્રભાવનું દ્રવ્ય અપેક્ષાએ એકપણું, ને પર્યાયઅપેક્ષાએ અનેકપણું

જ્ઞાનમાત્ર ભાવમાં એકપણું તેમ જ અનેકપણું પણ છે એટલે તેને અનેકાન્તપણું પ્રકાશે છે. –કઈ રીતે ? કે જ્ઞાનમાં અનેક જ્ઞેયાકારો જણાય તેથી કાંઈ જ્ઞાન ખંડખંડ થઈ જતું નથી; અનેક જ્ઞેયોને જાણવારૂપે જ્ઞાન પરિણમે છે તોપણ દ્રવ્યપણે જ્ઞાન એક છે. અનેક જ્ઞેયોને જાણવારૂપ જ્ઞાન પરિણમે એટલે જ્ઞાનપર્યાયમાં પણ એવા અનેક પ્રકાર પડે, છતાં અખંડ એક જ્ઞાનમય દ્રવ્યના અવલંબને જ તે પર્યાયો થાય છે, એટલે દ્રવ્યથી જ્ઞાનભાવનું એકપણું છે. દ્રવ્યથી એકપણું રાખીને અનેકવિધ પર્યાયરૂપે જ્ઞાન પરિણમે છે.

વળી જ્ઞાનપર્યાયમાં અનેક જ્ઞેયોને જાણવાનું સામર્થ્ય છે; જ્ઞાનનું જ એવું સામર્થ્ય છે તેથી જ્ઞાનમાં અનેક જ્ઞેયો જણાય છે, ત્યાં અજ્ઞાની અનેક પ્રકારનાં તે જ્ઞાનાકારોને કાઢી નાંખવા માંગે છે ને એકરૂપ જ જ્ઞાનને ઈચ્છે છે–એ તેનો ભ્રમ છે; તે પોતાની પર્યાયને કાઢી નાંખવા ઈચ્છે છે. તેને અનેકાન્ત સાચું સ્વરૂપ સમજાવે છે કે ભાઈ ! પર્યાય અપેક્ષાએ તારા જ્ઞાનને અનેકપણું છે; જ્ઞાનમાં અનેક જ્ઞેયોનાં આકારો જણાય છે તે તો જ્ઞાનની સ્વચ્છતાનું સામર્થ્ય છે. જ્ઞાનમાં અનેકાકારો જણાય તેથી કાંઈ તે જ્ઞાનાકારોમાં રાગ–દ્વેષ આવી જતા નથી. જગતના અનંતજ્ઞેયો જ્ઞાનમાં એક સાથે જણાય એ તો તારી જ્ઞાનપર્યાયનું સામર્થ્ય છે. અનેક જ્ઞેયપદાર્થો જ્ઞાનમાં જણાય છતાં જ્ઞાન તે પરજ્ઞેયોથી જુદું છે. જ્ઞાનની પર્યાયમાં અનેકતા જ્ઞાનના પોતાના સામર્થ્યથી છે.

દ્રવ્યપણે આત્મા સદા એક ચૈતન્યમય જ્ઞાનઆકાર છે; ને પર્યાયઅપેક્ષાએ અનેક જ્ઞેયો તેમાં જ્ઞેયપણે જણાય એવું અનેકઆકારપણું છે, તે પણ જ્ઞાનના જ પરિણમનનું સામર્થ્ય છે. આ રીતે જ્ઞાનમાં એકપણું ને અનેકપણું બંને એક સાથે પ્રકાશતો થકો અનેકાન્ત સાચું સ્વરૂપ બતાવે છે, એટલે સમ્યગ્જ્ઞાનથી આત્માને જીવાડે છે.

જ્ઞાનમાં જડ–ચેતન, રાગ–દ્વેષ આદિ ઘણાં જ્ઞેયો એક સાથે જણાય તેથી કાંઈ જ્ઞાન ખંડિત થઈ જતું નથી કે મલિન થઈ જતું નથી; એક સાથે ઘણાં જ્ઞેયને જાણવારૂપ પરિણમે તે તો જ્ઞાનનું સામર્થ્ય છે. જ્ઞાનની સ્વચ્છતા છે, આવા જ્ઞાનને પ્રતીતમાં લઈને ધર્મીજીવ પોતે જ્ઞાનપણે પરિણમતો થકો, અનેક જ્ઞેયોને જાણવા છતાં જ્ઞાનની એકતાનો નાશ થવાનું માનતો નથી. દ્રવ્યપણે જ્ઞાનમાત્ર આકારે એક રહેવું, ને પર્યાયમાં અનેક જ્ઞેયોના જ્ઞાનરૂપ અનેક જ્ઞાનઆકારે પરિણમવું–એવો જ્ઞાનનો અનેકાન્તસ્વભાવ છે.

(હવે પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિપણું, અને પરનાં દ્રવ્ય–ક્ષેત્ર –કાળ–ભાવથી નાસ્તિપણું, –એમ સત્–અસત્ના આઠ બોલ કહે છે.)

## ૫-૬, જ્ઞાનમાત્રભાવને સ્વદ્રવ્યથી સત્પણું, પરદ્રવ્યથી અસત્પણું

આ જ્ઞાનમાત્રભાવ આત્મા છે ને જ્ઞાતૃદ્રવ્ય છે; ને પરદ્રવ્યો સ્વયં પરિણમતા થકા જ્ઞાનમાં જણાય છે. તેને જાણતાં જ્ઞાનને તે પરદ્રવ્યરૂપે જ અજ્ઞાની માની લ્યે છે. શરીરાદિની ક્રિયાઓ જણાય ત્યાં તે ક્રિયાઓ હું જ છું, હું જ તેને કરું છું–એમ અજ્ઞાની પરસત્તારૂપે જ પોતાને માનીને સ્વસત્તાને ભૂલી જાય છે એટલે આત્માનો નાશ કરે છે. પણ મારું સત્પણું મારું અસ્તિત્વ તો મારા જ્ઞાનમાં છે, પરમાં મારું અસ્તિત્વ નથી–એમ સ્વથી સત્પણું ને પરથી અસત્પણું તે અજ્ઞાની જાણતો નથી. અનેકાન્તમય વસ્તુસ્વરૂપ તેને એમ બતાવે છે કે હે જીવ! તારું અસ્તિત્વ તારા સ્વદ્રવ્યથી જ છે, ને પરદ્રવ્યથી તારું નાસ્તિત્વ છે, આવી ભિન્નતાના ભાન વડે સ્વદ્રવ્યના પરમ સત્નો સ્વીકાર થાય છે એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. અનેકાન્ત વડે સાચો નિર્ણય કરતાં આવા આત્માનો અનુભવ થાય છે.

ભાઈ! જે કોઈ પરદ્રવ્યનું પરિણમન છે તેમાં તુ નથી; જ્ઞાનમય જે તારું સ્વદ્રવ્ય છે તેમાં જ તું છો. –એમ સ્વસન્મુખ થઈને તારા સ્વદ્રવ્યને તું દેખ. તેમાં પરનો પ્રવેશ નથી.

જુઓ, આ અનેકાન્તના વીતરાગી અમૃત સંતો પીવડાવે છે.

દીવાળીની બોણીમાં આ અનેકાન્તનાં અમૃત પીરસાય છે.

અહો! જ્ઞાનનું સત્પણું સ્વદ્રવ્યથી છે, માટે જ્ઞાનને સ્વદ્રવ્યમાં શોધ, પરમાં ન શોધ. સ્વદ્રવ્યને લક્ષમાં લેતાં તારા અસ્તિત્વમાં જ તને વીતરાગી આનંદનાં અમૃતનો

અનુભવ થશે. પરજ્ઞેયોથી તારું અસત્પણું છે. શાસ્ત્રો–વાણી–ઇન્દ્રિયો કે વિકલ્પો –તેનાથી જે જ્ઞાનની ઉત્પત્તિ માને છે તે પરજ્ઞેયોને જ્ઞાનપણે જ માને છે; પણ અનેકાન્ત તેને પરદ્રવ્યથી અસત્પણું બતાવીને એમ સમજાવે છે કે હે ભાઈ! પર જ્ઞેયોમાંથી તારું જ્ઞાન આવતું નથી. જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનમાં છે; પરનું અસ્તિત્વ પરમાં છે, પરમાં જ્ઞાનનું નાસ્તિત્વ છે. –આમ અનેકાન્તવડે તું પરદ્રવ્યથી તારી ભિન્નતા જાણ.

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે 'હે જીવ! તું જ્ઞાન છો. ' એ જ વખતે અહીં જીવને પણ એવું જ જ્ઞાન થયું. –ત્યાં અજ્ઞાની ભ્રમ કરે છે કે વાણીને લીધે મને જ્ઞાન થયું! એટલે જ્ઞાનનું સત્પણું પોતામાં છે ને વાણીમાં જ્ઞાનનું સત્પણું નથી એવા અનેકાન્તને તે અજ્ઞાની ઓળખતો નથી. જો અનેકાન્તસ્વરૂપને સમજે એટલે કે જ્ઞાનનું સ્વથી સત્પણું ને પરથી અસત્પણું સમજે તો પરને લીધે જ્ઞાન થવાનું માને નહીં; એટલે સ્વદ્રવ્યાશ્રિત જ્ઞાનપરિણમન થતાં પરમ આનંદરૂપ અમૃત તેને પ્રગટે.

જુઓ, આ અનેકાન્તમાં તો જૈનધર્મનું મૂળરહસ્ય છે; વિશ્વના વસ્તુસ્વરૂપને આ અનેકાન્ત પ્રકાશે છે. અનેકાન્ત તો સર્વજ્ઞ ભગવાનનું અમોઘ લાંછન છે. ભાઈ, તારા જ્ઞાનનું સત્પણું તારાથી જ છે, કોઈ બીજાને લીધે (દેવ–ગુરુ–શાસ્ત્રને લીધે કે ઇન્દ્રિયોને લીધે કે વિકલ્પોને લીધે) તારા જ્ઞાનનું સત્પણું નથી. તારું જ્ઞાન બીજો કોઈ આપે નહિ ને તારા જ્ઞાનને બીજું કોઈ હણી શકે નહીં. સ્વાધીન જ્ઞાનપણે પરિણમતો આત્મા આનંદના અમૃતને પોતાના અસ્તિત્વમાં અનુભવે છે. –આવું આનંદજીવન અનેકાન્ત જીવાડે છે. (–વિશેષ આવતા અંકે)

* * * * * *

**વિવિધ સમાચારઃ-** પ્રભાવના અને પ્રચાર સંબંધી કેટલાક સમાચાર ગતાંકમાં આપેલ હતા. તદુપરાંત તલોદ–શિક્ષણશિબિર, જયપુર, લલિતપુર, ખંડવા, છિન્દવાડા, પ્રતાપગઢ, ભોપાલ, રતલામ, જસવંતનગર, માધોગંજ–લશ્કર–ગ્વાલિયર, મંદસૌર, શમસાબાદ, અશોકનગર, ગુના, પુના, નિરા, બારામતી, પિપરઈગાંવ, લોહારદા, રાઘવગઢ, સાગર, ધરણગાંવ, બડનગર, બીના–બજરિયા વગેરે સ્થળે પણ સોનગઢના પ્રચારવિભાગ તરફથી વિદ્વાન ભાઈઓ ગયેલા, અને ત્યાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓએ લાભ લીધેલ, તેના ઉત્સાહભર્યા સમાચાર પ્રાપ્ત થયેલ છે. અનેક સ્થળે જૈન–પાઠશાળા પણ ચાલુ થયેલ છે. –ધન્યવાદ!

**ભગવાન પારસનાથઃ-** સચિત્ર દશભવના વર્ણનનું પુસ્તક તૈયાર થઇ ગયું છેઃ કિંમત એક રૂપીયો (ગતાંકમાં ભૂલથી ૦૦–૮૦ પૈસા લખેલ છે.)

# પરમ ભાગ્યે પ્રાપ્ત થયેલો જૈનધર્મ

**શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે હે ભવ્ય જીવ! બોધિને માટે અત્યંત ઉલ્લાસપૂર્વક આ જિનધર્મનું સેવન કર. આત્માની ઓળખાણ વડે સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને તું અરિહંતભગવાનના પરિવારમાં આવી જા!**

અહો, ત્રણભુવનમાં સાર એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ બોધિ, તેની પ્રાપ્તિ જૈનશાસનમાં થાય છે. હે જીવ! જૈનશાસનનો આવો મહિમા જાણીને તું સમ્યક્ પ્રકારે તેનું સેવન કર. પરમ ઉત્સાહ લાવીને જિનશાસનની એટલે કે તેમાં કહેલા આત્માના શુદ્ધસ્વભાવની તું ભાવના કર.

અહો, આ જગતમાં ભગવાન આત્માની બોધિ આનંદરૂપ છે, તેનાથી ઊંચું આ જગતમાં બીજું કાંઈ નથી. અને આવા આત્માના આનંદની અનુભૂતિ તો જૈનશાસનમાં જ થાય છે. આત્માનો પરમસ્વભાવ જૈનશાસન જ બતાવે છે, તેથી શ્રદ્ધા–જ્ઞાન–અનુભૂતિ તે મોક્ષનું કારણ છે. આવો માર્ગ તને પરમભાગ્યે પ્રાપ્ત થયો છે તો ઉત્સાહથી તેનું આરાધન કર. અહો, ધન્ય માર્ગ! આ અપૂર્વ માર્ગ મારે સાધવો છે; તેની સાધનાથી જ હું સંસારદુઃખથી છૂટીને આત્માનું પરમ સુખ પામીશ. ભવદુઃખને નાશ કરનારો ને મોક્ષસુખને દેનારો આ જૈનધર્મ છે.

જૈનધર્મ એટલે શું? તે વાત ૮૩મી ગાથામાં કહેશે કે આત્માના જે મોહ–રાગ–દ્વેષ વગરનાં વીતરાગપરિણામ તે જ જૈનધર્મ છે, તે જ મોક્ષનું કારણ છે; વ્રત–પૂજાદિ શુભરાગ તે તો પુણ્ય છે, તે શુભપરિણામને જે ધર્મ માને છે તેને ધર્મની પ્રાપ્તિ થતી નથી; જૈનધર્મની તેને ખબર નથી.

જૈનશાસન એટલે સર્વજ્ઞ જિનદેવનો ઉપદેશ એમ કહે છે કે હે જીવો! તમે જ્ઞાન–આનંદસ્વભાવથી ભરેલા છો; જ્ઞાનસ્વભાવથી અધિક બીજું કાંઈ

નથી. જ્ઞાનભાવમાં રાગનો એક કણિયો પણ સમાતો નથી. ભગવાન! તું તો તારા સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છો; કોઈ રાગને લીધે કે કોઈ સંયોગને લીધે તારી મહાનતા નથી. પોતાના સ્વભાવને દ્રષ્ટિમાં લેતાં સ્વસન્મુખ વીર્યભાવ ઉલ્લસીને પરમ આનંદનો અનુભવ થાય છે. પરથી ભિન્ન આત્માને જૈનશાસન ઓળખાવે છે. આવા આત્માને ઓળખતાં પરદ્રવ્યનો અહંકાર છૂટી જાય છે, ને મોહરહિત એવા સમ્યક્ત્વાદિ નિર્મળભાવરૂપ અપૂર્વ બોધિ પ્રગટે છે.

અહો, જૈનદર્શનનો જ આ પ્રતાપ છે કે બોધિની પ્રાપ્તિ કરાવીને ભવદુઃખથી જીવોને છોડાવે છે. જૈનધર્મનું જે વીતરાગ-વિજ્ઞાન તે ત્રણભુવનમાં સાર છે, તે આનંદનું દેનાર છે. આવા ઉત્તમ ધર્મમાં હે જીવ! તું પ્રવેશી જા. લૌકિક પંચાયત વગેરેના હોદામાં પોતાની ગણતરી કરાવવા જીવ કેવો રસ લ્યે છે? પણ એ પદવીમાં તો કાંઈ નથી, ભાઈ! આ વીતરાગ ભગવાનના માર્ગમાં તારી ગણતરી થાય એવો પ્રયત્ન કર. આત્માને ઓળખીને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કર-જેથી અરિહંત ભગવાનના પરિવારમાં તારી ગણતરી થાય, મોક્ષના માર્ગમાં તારો પ્રવેશ થાય. ભગવાનના માર્ગમાં ભળ્યો-તેનાથી અધિક બીજું શું?

એકેક આત્મા પોતાના પરમાત્મ સ્વભાવથી પરિપૂર્ણ છે-એવા સ્વભાવને અરિહંતદેવનું જૈનશાસન જ બતાવે છે; બોધિપૂર્વકની એની વીતરાગતા અજોડ છે; સ્વરૂપની સાવધાની કરાવીને પરનું મમત્વ તે છોડાવે છે. રાગની લગની છોડાવીને ચૈતન્યસ્વરૂપ આત્માની લગની તે લગાડે છે, ને બોધિલાભ કરાવે છે.

ભાવવિશુદ્ધિ એટલે મોહ વગરનો જે આત્મભાવ તે જ ધર્મ છે. રાગ અને આત્માના ભેદજ્ઞાન વગર કદી મોહ છૂટે નહિ ને ભાવશુદ્ધિ થાય નહીં. અને ભાવશુદ્ધિ વગરના જીવને તીર્થંકરપણું વગેરે કદી હોતું નથી. અજ્ઞાનીનો શુભરાગ તે કાંઈ ભાવશુદ્ધિ નથી; જ્ઞાનીને પણ જે શુભરાગ છે તે કાંઈ ધર્મ નથી, પણ તે વખતે જે સમ્યક્ત્વાદિભાવ છે તે મોહવગરનો ભાવ જ ધર્મ છે, તે જ મોક્ષનો ઉપાય છે.

આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય જીવો! આત્માના ધર્મનું આવું સ્વરૂપ જાણીને તમે પરમ બહુમાનથી તેનું સેવન કરો. જિનેશ્વર ભગવાનનું શાસન પામીને આવા વીતરાગભાવરૂપ ધર્મને તમે સેવો. આત્માના ધર્મનું આવું સ્વરૂપ જૈનધર્મ જ બતાવે છે; તેની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. મહાભાગ્યે આવો જૈનધર્મ પ્રાપ્ત થયો છે તો હવે આત્માની ઓળખાણ કરો ને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ અપૂર્વ બોધિ પ્રગટ કરો. જેણે આત્માના સમ્યક્ સ્વભાવનો અનુભવ કરીને મોહનો નાશ કર્યો ને સમ્યક્ત્વાદિ વીતરાગીભાવ પ્રગટ કર્યો. તે જીવ સર્વજ્ઞપરમાત્માના પરિવારમાં આવ્યો. હે જીવ! તું પણ આત્માને ઓળખીને પરમાત્માના પરિવારમાં આવી જા.

(ભાવપ્રાભૃત–પ્રવચન)


## આપ આ બધું મેળવવા ચાહો છો ?

પૂ. ગુરુદેવના પ્રવચનોની તાજી પ્રસાદી, વીતરાગી જિનશાસ્ત્રોની અવનવી વાતો, તીર્થંકરાદિ મહાપુરુષોનાં જીવનના ઉત્તમ પ્રસંગો, આત્માને જ્ઞાન અને વૈરાગ્યની પ્રેરણા આપે તેવી ચર્ચાઓ, જૈનસમાજના મહત્ત્વના સમાચારો, અનેક પ્રકારે દેવ–ગુરુ–શાસ્ત્રનો મહિમા તથા પ્રચાર, તીર્થયાત્રા વગેરે પ્રસંગો, અનેક મુમુક્ષુઓના વિચારો, અને હજારો બાળકોને ધર્મમાં ઉત્સાહ પ્રેરનારો બાલવિભાગ, જિજ્ઞાસુઓની અનેક શંકાનું સમાધાન, –એ બધુંય આપ એકસાથે મેળવવા ચાહો છો? ...હા! ... તો આપે ‘આત્મધર્મ’ વાંચવું જોઈએ.

‘આત્મધર્મ’ નું લવાજમ ચાર રૂપિયા આપે ભરી દીધું? ...... તો ધન્યવાદ! અને હજી ન ભર્યું હોય તો પહેલું કામ એ કરો......જેથી આત્મધર્મ આપને નિયમિત મળેઃ આત્મધર્મનું વર્ષ કારતકમાસથી શરૂ થાય છે. દરમહિનાની પહેલી તારીખે અંક રવાના થાય છે. લવાજમ મોકલવાનું સરનામું :

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




## * ધર્મ પ્રેમી પ્યારા નાનકડા બંધુઓને- *

વહાલા બંધુઓ! ‘અભિનંદન! ’ સાથે દીવાળીનિમિત્તે તમને આ ટૂંકો પત્ર લખું છું; પ્રથમ તો આપણે મહાવીરનાં સન્તાન છીએ. આપણા ભગવાન મોક્ષ પધાર્યા તેની યાદીમાં આપણે દીવાળીનો દિવસ આનંદથી ઉજવ્યો. મહાવીરના માર્ગને યાદ કરીને આપણે પણ તે માર્ગે જવાનું છે. બીજો કોઈ આપણો માર્ગ નથી.

અહા, કેવો સરસ છે મહાવીરનો માર્ગ! કેવો મજાનો છે આપણો જૈનધર્મ? બંધુઓ! આપણા કોઈ પરમ ભાગ્યથી આપણને આ માર્ગ મળ્યો છે......પરમ ઉત્સાહથી આપણે આ માર્ગનું સેવન કરવાનું છે; આમાં કહેલા આત્મસ્વરૂપને ઓળખીને આપણે અરિહંત ભગવાનના ધર્મપરિવારમાં ભળવાનું છે.

વહાલા બંધુઓ! ખૂબખૂબ જાગૃતિપૂર્વક તમે ધર્મમાં રસ લેજો. આપણા પંચપરમેષ્ઠીનું સ્વરૂપ બરાબર ઓળખજો; તેમણે કહેલું આત્માનું સ્વરૂપ શું છે, તેમણે કહેલો ધર્મ કેવો મહાન છે–તે બરાબર સમજજો. અત્યંત બહુમાનપૂર્વક ઉત્તમ વીતરાગી શાસ્ત્રો વાંચજો. જ્ઞાની ગુરુજનોનો સંગ કરજો. સાધર્મીઓ પ્રત્યે ઘણું જ વહાલ રાખજો. અને જીવન ખૂબ જ ઊંચું બને એવી ભાવનાઓ ભાવજો.

આપણા જૈનધર્મમાં નાની નાની ઉમરમાં પણ ઘણાય મહાપુરુષો થયા છે. ભરતચક્રીના નાનકડા રાજકુમારો આત્માને સાધતા હતા, કુંદકુંદસ્વામીએ ૧૧ વર્ષે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કર્યા હતા, ચંદનબાળા વગેરે બહેનોએ પણ નાની વયથી જ વૈરાગી થઈને આત્માનું કલ્યાણ કર્યું હતું. આપણે એ મહાત્માઓના જીવનનું ઉદાહરણ લઈને આપણા આત્માની ઉન્નત્તિ કરવાની છે.

વળી મહાવીરપ્રભુની અઢીહજારમી મોક્ષજયંતી પણ ટૂંક વખતમાં આવી રહી છે. અહીં હજારમી એ મોક્ષજયંતી આપણા સમયમાં આવી, ને તે ઉજવવાનું મહાન ભાગ્ય આપણને મળ્યું; બહારમાં તો ઘણી ધૂમધામ થશે જ-પણ તે માટે ખરી તૈયારી તો આત્મામાં કરવાની છે; આત્મામાં ઉત્તમ ભાવ પ્રગટ કરીને તેને વીરપ્રભુના માર્ગમાં લઈ જવો તે જ ખરી મોક્ષજયંતી છે.

આવી મોક્ષજયંતી ઉજવવા માટે સંસાર તરફના ભાવો આપણે છોડવા પડશે. બહારના ભાવોનું વલણ છોડીને વારંવાર આત્માના સ્વરૂપ તરફ વળવાનો ઉદ્યમ કરવાનો છે. મહા ભાગ્યે આવો માર્ગ બતાવનારા ગુરુ આપણને મળ્યા છે. માટે હે મહાવીરનાં સંતાનો ! તમે વીરતાપૂર્વક આ માર્ગને સાધજો.

( जय महावीर )

હમેશાં જિનેન્દ્રભગવાનના દર્શન કરો, દરરોજ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો. રાત્રે ખાવાનું છોડો ને સીનેમા જોવાનું છોડો. -આટલું કરો.

*****

## વિવિધ......વચનામૃત

### વાહ...... ગુરુ-શિષ્યની ઉત્તમ જોડી !

( ૧ ) **આસો વદ અમાસે ભગવાન**
**મહાવીર સિદ્ધપદ પામ્યા.**
એજ દિવસે ગૌતમસ્વામી તેમના
કેવળજ્ઞાનનો વારસો લઈને
અરિહંત થયા.
એજ દિવસે સુધર્મસ્વામી શ્રુતકેવળી થયા.
-ધન્ય એ ગુરુ-શિષ્યની જોડી !

( ૨ ) પછી ગૌતમસ્વામી જે દિવસે
સિદ્ધપદ પામ્યા,
તે જ દિવસે સુધર્મસ્વામી તેમના
કેવળજ્ઞાનનો વારસો લઈને
અરિહંત થયા,
અને તે જ દિવસે જંબુસ્વામી
શ્રુતકેવળી થયા.

( ૩ ) પછી મહા સુદ સાતમે
શ્રી સુધર્મસ્વામી સિદ્ધપદ પામ્યા.
એ જ દિવસે જંબુસ્વામી તેમના
કેવળજ્ઞાનનો વારસો લઈને
અરિહંત થયા.
-ધન્ય એ ગુરુ-શિષ્યની જોડી !

( જંબુસ્વામીના કેવળજ્ઞાનના વારસદાર કોઈ ન હોવાથી તેઓ અંતિમ કેવળી કહેવાયા. )

## દેણાથી છૂટવાની રીત

એક વેપારીને ઘણું દેણું થયું......કંટાળીને તેણે પેઢી બદલીને બીજે ગામ પેઢી ખોલી, પણ લેણદારો તો ત્યાં પણ આવ્યા. પેઢીનું સ્થાન બદલવાથી કાંઈ દેણું છૂટે નહિ. દેણાથી છૂટવાની રીત તો એક જ છે કે કમાણી કરવી. કમાણી કરે તો દેણું તૂટી જાય.

તેમ સંસારમાં રખડતો જીવ અજ્ઞાનથી અનેક વિધ કર્મો બાંધે છે, ને કર્મનું દેણું ઊભું કરે છે. પછી તેનું ફળ ભોગવવા ટાણે કંટાળીને તેનાથી છૂટવા માંગે છે. આ દેહ છોડીને બીજા દેહમાં જઉં તો કર્મથી છૂટી જઈશ–એમ મૂઢતાથી માને છે. પણ ભાઈ! તારા બાંધેલા કર્મો તો ત્યાં પણ તારી સાથે આવશે જ. દેહરૂપી દુકાન બદલવાથી કાંઈ કર્મનું દેણું છૂટે નહિ. કર્મના દેણાથી છૂટવાની રીત તો એક જ છે કે ધર્મની કમાણી કરવી. ધર્મની કમાણી કરતાં કર્મનું દેણું તૂટી જાય છે.

---

* મનઃપર્યયજ્ઞાન * પરિહારવિશુદ્ધિ સંયમ
* આહારકશરીર * પ્રથમોપશમ સમ્યક્ત્વ

–ઉપરની ચારે વસ્તુઓ કેવી સુંદર છે! વાહ! એક સાથે આ ચારે વસ્તુ મલી જાય તો? –પણ સબુર! તેમનામાં એક વિશેષતા એવી છે કે તે ચાર વસ્તુઓ એક જ જીવમાં એકબીજાની સાથે કદી રહી શકતી નથી; જ્યાં એક હોય ત્યાં બીજી કોઈ હોય નહીં.

**જેને મૃત્યુ જ નથી એને ભય શો?**
**અવિનાશી આતમરામનો અનુભવ કરનારને ભય નથી.**

## વિજ્ઞપ્તિ

'નિયમસાર' ગુજરાતી ઘણા વખતથી પ્રાપ્ત નથી તેથી તે શાસ્ત્ર ફરીથી છપાવવાની વિચારણા ચાલે છે. ગ્રાહક–સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં થઈ જશે તો જ છપાવવાનું નક્કી કરી શકાશે, માટે પ્રત્યેક ગામના મંડળ અથવા જિજ્ઞાસુને પ્રાર્થના છે કે તેઓ પોતપોતાની આવશ્યકતા અનુસાર ઓર્ડર શીઘ્ર લખી મોકલે.

–શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ; સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## "પ્રભુજી ! તારા પગલે-પગલે મારે આવવું રે......"





**ઋષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**

**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની.**

આ ભારતવર્ષમાં પૂર્વે શ્રી ઋષભદેવથી માંડીને વર્દ્ધમાન સુધીના ચોવીસ તીર્થંકર પરમદેવો–કે જેઓ સર્વજ્ઞ વીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા મહા દેવાધિદેવ પરમેશ્વર હતા, તેઓ બધાય નિજ–આત્મા સાથે સંબંધ રાખનારી શુદ્ધ નિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને પરમ નિર્વાણને પામ્યા, ને અત્યંત આનંદરૂપી પરમ સુધારસ વડે પરિતૃપ્ત થયા. માટે હે પ્રગટ ભવ્યત્વગુણવાળા મહાજનો ! તમે નિજાત્માને પરમ વીતરાગ સુખ દેનારી એવી તે યોગભક્તિ કરો.

હે વીરનાથ ! સમ્યગ્જ્ઞાનરૂપી નૌકામાં આરોહણ કરીને આપ ભવસાગરને ઓળંગી ગયા ને ઝડપથી શાશ્વતપુરી એવા સિદ્ધાલયમાં પહોંચ્યા, હે જિનનાથ ! હવે હું પણ આપના જ માર્ગે તે શાશ્વતપુરીમાં આવું છું. આ લોકમાં ઉત્તમ પુરુષોને જિનમાર્ગ સિવાય બીજું શું શરણ છે ?









પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય: સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૨૮૦૦